# સ્વામી સમંતભદ્રનો સમય

ભારતીય દાર્શનિક ક્ષેત્રે થઈ ગયેલી ગણીગાંઠી પ્રકાશમાન વિભૂતિઓમાં નિર્ગ્રન્થ પક્ષે બે નામો મોખરે રહે છે : સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્ર. આમાં (આદિ) સિદ્ધસેનનો[1] કવિકર્મકાલ ગુપ્ત-યુગના પૂર્વાર્ધમાં હોવાનું હવે લગભગ સુનિશ્ચિત છે[2]; પણ સમંતભદ્રના વિષયે તેમ કહી શકાય એવું નથી. એમનો સમય જુદા જુદા વિદ્વાનો દ્વારા ઈસ્વીસન્ પૂર્વેની પ્રથમ શતાબ્દીથી લઈ ઈસ્વીસન્‌ની આઠમી સદીના પ્રથમ ચરણ પર્યંતના ગાળામાં અનુમાનવામાં આવ્યો છે[3]. એમની વિદ્યમાનતા સંબંધમાં રજૂ કરવામાં આવેલો આ સંભાવ્ય સમયપટ ખેદજનક અનિશ્ચિતતાનો દ્યોતક હોવા ઉપરાંત વ્યાપની દૃષ્ટિએ વધુ પડતો પ્રલંબ કહી શકાય. આથી સાંપ્રત લેખમાં એમના સમય-વિનિશ્ચય માટે યત્ન કરી જોવા વિચાર્યું છે.

સ્વામી સમંતભદ્ર નિર્ગ્રન્થોના દક્ષિણ ભારત સ્થિત દિગંબર આમ્નાયમાં (કદાચ દ્રાવિડ સંઘમાં ?)[4] થઈ ગયા છે તે વાત પર અલબત્ત વિદ્વાનોમાં સાધારણતયા સહમતિ છે[5]. તેમનું અદ્યાવધિ પ્રાપ્ત સાહિત્ય સંસ્કૃત પદ્યમાં જ, અને તે સ્તોત્રાત્મક હોવા ઉપરાંત પ્રધાનતયા તત્ત્વપરક છે. એમની રચનાઓમાં **સ્વયંભૂસ્તોત્ર**[6], **સ્તુતિવિદ્યા** (અપરનામ **જિનસ્તુતિશતક**)[7], **યુક્ત્યનુશાસન** (અપરનામ **વીરજિનસ્તોત્ર**)[8], અને **દેવાગમસ્તોત્ર** (અપરનામ **આપ્તમીમાંસા**)[9] હાલ પ્રાપ્ય તેમ જ સુવિશ્રુત છે[10]. પ્રસ્તુત રચનાઓમાં આમ તો અર્હન્ભક્તિ કેન્દ્રસ્થ રહી છે, પરંતુ તેમનો અભિગમ પ્રધાનતયા દાર્શનિક, નયનિષ્ઠ, યુક્ત્યવલંબિત, અને એથી પ્રમાણપ્રવણ રહ્યો છે. સંસ્કૃત ભાષા, શબ્દ, કાવ્ય, અને છંદાલંકારાદિનું સારું એવું નૈપુણ્ય ધરાવતા હોવા અતિરિક્ત સમંતભદ્ર એક બુદ્ધિમત્તાસંપન્ન વાદીન્દ્ર એવં પ્રકાંડ દાર્શનિક પંડિત હોઈ એમની કવિતામાં કાવ્યતત્ત્વ અને ભક્તિસત્ત્વ અતિરિક્ત (અને કેટલાંયે દૃષ્ટાંતોમાં તો અધિકતર માત્રામાં) નિર્ગ્રન્થપ્રવણ ન્યાય અને દર્શનનાં વિભાવો તથા ગૃહીતો અવિચ્છિન્ન રૂપે વણાયાં છે. (કવિતાનો વિશેષ કરીને આ રીતે જ ઉપયોગ થવો જોઈએ એવો કંઈક આગ્રહ, સિદ્ધસેન દિવાકરની રચનાઓની જેમ, તેમની કૃતિઓમાંથી પણ ટપકતો દેખાય છે.) આ કારણસર સંસ્કૃત સાહિત્યના તજ્જ્ઞો અને કાવ્યશાસ્ત્રના પંડિતોને જો જૈનદર્શનનું (તેમ જ સાથે જ બૌદ્ધ, વૈશેષિક, મીમાંસાદિ દર્શનોનું) તલાવગાહી અને સર્વાર્થગ્રાહી જ્ઞાન ન હોય તો સમંતભદ્રનાં સ્તોત્ર-કાવ્યોનો યથાર્થરૂપે આસ્વાદ લેવાનું તો બાજુએ રહ્યું પણ તેમાં ગુંફિત ગૂઢ તત્ત્વોને બિલકુલેય સમજી નહીં શકે. સ્વયં જૈન પંડિતો પણ આમાં અપવાદ નથી. સમંતભદ્રનાં સ્તુતિકાવ્યોના કેટલાયે ખંડોનો મધ્યકાલીન ટીકાઓની મદદ વિના મર્મ પામવો અશક્ય છે[11] તત્ત્વનિષ્ઠ, દુર્બોધ, અને કેટલાક કિસ્સાઓમાં એકાક્ષર-યમક સહિત કેટલાય અઘરા પ્રકારના યમકો, તેમ જ ચિત્રબદ્ધ પદ્યો તથા કઠિન શબ્દાલંકારો-છંદાલંકારોથી જટિલ બની ગયેલાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમનાં કોઈ કોઈ સ્તુતિ-સ્તોત્રોનું કાવ્યની દૃષ્ટિએ મૂલ્યાંકન અદ્યાવધિ થયું નથી, થઈ શક્યું નથી. વર્તમાનમાં કેટલાક જૈન પંડિતોએ વિશેષે દિગંબરમતી—સમંતભદ્રની કૃતિઓનો અભ્યાસ તો કર્યો છે, પણ તેમનું મુખ્યત્વે લક્ષ રચનાઓમાં જીવરૂપે રહેલા તત્ત્વદર્શન અને યુક્તિ-પ્રયોગો સમજવા પૂરતું સીમિત છે. સંસ્કૃત ભાષા અને વિવિધ દર્શનોના અચ્છા અભ્યાસી આ જૈન શાસ્ત્રીઓનું બીજી તરફનું વલણ સ્તુતિકાવ્યોના બહિરંગ અને તેમાં સ્વામીએ પ્રયોજેલ છંદાલંકારો શોધી કાઢવા પૂરતું, અને તેમનાં વ્યક્તિત્વ, મેધા, અને દાર્શનિક સામર્થ્યના મોંફાટ વખાણ કરવા, અને તેમને અતિ પ્રાચીન ઠરાવી દેવાની એકતરફી યુક્તિઓ રજૂ કરવા પૂરતું જ મર્યાદિત રહ્યું છે. આ કેવળ અહોભાવપૂર્ણ વલણને કારણે સમંતભદ્ર વિષયક ઐતિહાસિક સમસ્યાઓ પર તેઓ ન તો ઊંડી, સમતોલ, કે નિષ્પક્ષ ગવેષણા કરી શક્યા છે, કે ન તો તેમના દ્વારા સ્વામીની કૃતિઓની, તત્ત્વજ્ઞાન અતિરિક્ત, વિશુદ્ધ સાહિત્યિક દૃષ્ટિએ અવગાહન કરવામાં આવ્યું છે.

સ્વામી સમંતભદ્રે ઝાઝું તો નથી લખ્યું; પણ જેટલું પ્રાપ્ત છે તેની સત્ત્વશીલતા અને તાત્ત્વિક ગુણવત્તા મધ્યમથી લઈ ઉત્કૃષ્ટ કોટિની માની શકાય. એમની રચનાઓમાં સંઘટન-કૌશલ, આકારની શુચિતા, લાઘવલક્ષ્ય, અને મહદંશે મર્મિલપણું નિઃશંક પ્રકટ થાય છે. કાવ્ય-માધ્યમ સ્તુતિ વા સ્તોત્રનું હોઈ તેમાં કર્ત્તાના આરાધ્યદેવ ચતુર્વિંશતિ જિનેન્દ્રોનાં ભક્તિપરક, ઉદાત્ત ભાવોર્મિ-સભર કેટલાંક પદો વચ્ચે વચ્ચે જરૂર જડી આવે છે : (જુઓ પરિશિષ્ટ 'अ'); પણ સાથે જ કાવ્ય-સ્વરૂપનાં તમામ અંગો-પાસાંઓમાં પ્રાવીણ્ય તેમ જ ચાતુરી પ્રદર્શિત કરવા જતાં, અને તદંતર્ગત દાર્શનિક ગુહ્યો, સંકેતો, તેમ જ તાર્કિક વા નયાધીન ચોકસાઈઓને પણ રક્ષવા-ગુંફવા જતાં, કવિતા-પોત કેટલેક સ્થળે જરઠ બની જાય છે; અને કાવ્ય સાહજિક સૌષ્ઠવ છોડી ક્લિષ્ટતા ધારણ કરે છે. આવાં દૃષ્ટાંતોમાં કવિતામાં ઓજસ્ અને છંદોલય તો સાધારણ રીતે જળવાઈ રહેતાં હોવા છતાં રસ, માધુર્ય, અને વિશુદ્ધ ભક્તિભાવનો કેટલીક વાર હ્રાસ થઈ, કાવ્યસહજ લાલિત્યનો પણ લોપ થઈ, કેવળ દાર્શનિક-સાંપ્રદાયિક મંતવ્યો તથા પરિભાષા અને સંરચના એવં આલંકારિક સજાવટના ગુણાતિરેક(virtuosity)નું ડિમડિમ જ બજી રહેતું વરતાય છે. સ્તુતિ-ઘોડીનાં ઠાઠાં પર બેસાડેલ બેવડા કાઠામાં એક તરફ નય-ન્યાય, પ્રમાણ-પ્રમેય, અને બીજી તરફ સ્તુત્ય-અસ્તુત્ય, આપ્ત-અનાપ્ત, તેમ જ સ્વસમય-પરસમયની ભારેખમ કોઠીઓ લટકાવી, પીઠ પર વચ્ચોવચ્ચ સ્યાદ્વાદનો, સપ્તભૂમિમય સપ્તભંગીનો, ગગનગામી માનસ્તંભ ચઢાવી, મુખ વડે અનેકાંતની યશોગાથા ગાતાં ગાતાં, પ્રતિસ્પર્ધી સંપ્રદાયો સામે જયયાત્રાએ નીકળેલા વાદીમુખ્ય સમંતભદ્રની કવિતા નિર્ગ્રન્થો સિવાય બીજા કોઈને ભાગ્યે જ ઉપયોગી થઈ શકે. એમની સ્તુતિઓમાં કેટલાંક પદો તો એવાં છે કે જે હૃદયની મૃદુ નિપજાઉ માટીમાંથી અંકુરિત આમ્રતરુને સ્થાને બૌદ્ધિક ભેખડોની તિરાડોમાંથી પાંગરેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને પોષણ પામેલ ઋક્ષ, વાંકા-ત્રાંસા ઝળૂંબી રહેલ ઝાંખરાનો ભાસ કરાવી જાય છે. વસ્તુતયા સમંતભદ્ર સંવેદનશીલ કવિતાકાર છે. પ્રાચીન યુગમાં સર્વગ્રાહી સામર્થ્યમાં શંકરાચાર્ય પછી એમનું નામ આવી શકે : પણ એક તો રહ્યા વિરાગવત્સલ મુનિ : અને પાછા નય-પરસ્ત કટ્ટર નિર્ગ્રન્થ; અને તેમાંયે વળી યુક્તિ-પ્રવીણ અજેયવાદી પંડિત ! આથી કવિતાનો ઉપયોગ તેમણે (સિદ્ધસેન દિવાકરની જેમ) સાંપ્રદાયિક મત-સ્થાપનાઓ માટે જ કર્યો છે. છતાં એક વિલક્ષણ વ્યક્તિવિશેષ તરીકે, નિર્ગ્રન્થોમાં વિરલ કહેવાય તેવી વિભૂતિ રૂપે, નિર્ગ્રન્થ અતિરિક્ત અન્ય વિદ્વાનો પણ આજે તેમને જાણે છે, માને છે, તેમ જ તેમની અંતરંગ-સ્પર્શી પ્રજ્ઞા, તલાવગાહી પશ્યત્તા, અને અપાર વાક્સામર્થ્યનો સ્વીકાર કરે છે. એ દૃષ્ટિએ તો એમના પર ઠીક ઠીક લખાયું છે અને અધિક લખી શકવાનો અવકાશ પણ છે; પણ અહીં લેખનો કેંદ્રવર્તી મુદ્દો એમના સમય-વિનિર્ણયનો જ હોઈ, એમના સંબંધી અન્ય વાતોનો વિસ્તાર અનાવશ્યક ઠરે છે.

આચાર્ય સમંતભદ્રે પોતાની કોઈ કૃતિમાં કાળ-નિર્દેશ દીધો નથી, કે નથી આપી ગુર્વાવલી. પોતા વિશે એમણે અલ્પ પ્રમાણમાં જે પ્રાસંગિક (અને આકસ્મિક) રૂપે કહ્યું હોય તેવો ભાસ કરાવતી ચારેક ઉક્તિઓ મળી આવી છે, જેમાં થોડાક ભૌગોલિક તથા સાંસ્કૃતિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે; પણ સાથે જ ત્યાં ઐતિહાસિક નિર્દેશોની પૂર્ણતયા ગેરહાજરી છે. તેઓ કયા ગણ-અન્વયમાં થઈ ગયા તત્સંબદ્ધ વિશ્વસનીય સૂચના ઇતર સાધનોમાં પણ મળતી નથી[૧૨], કે નથી તેમના શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવાર વિશે જરા સરખી પણ જાણ[૧૩]. તેમના ઉપદેશથી કોઈ મંદિર-પ્રતિમાદિની પ્રતિષ્ઠા થઈ હશે તો તેની પણ ભાળ ઉપલબ્ધ ઉત્કીર્ણ લેખોમાં કે વાઙ્મયિક સ્રોતોમાં પણ મળતી નથી; કે તેમને, કે તેમના શિષ્યોને (જો શિષ્યો હશે તો) ધર્મહેતુ વા ધર્મ નિમિત્તે દાનશાસનો પ્રાપ્ત થયાં હશે તો તે હજી સુધી મળી આવ્યાં નથી[૧૪]. કર્ણાટકના મધ્યકાલીન નિર્ગ્રન્થ સંબદ્ધ અન્ય તામ્રપત્રોના કે શિલાશાસનાદિ અભિલેખોના સંપ્રદાય-પ્રશસ્તિ વિભાગમાં, અને પ્રાક્મધ્યકાલીન તેમ જ મધ્યકાલીન નિર્ગ્રન્થ-દિગંબર ગ્રંથકર્તાઓના ઉલ્લેખોમાં એક મહાસ્તંભ સમાન પ્રાચીન આચાર્ય રૂપે, વ્યક્તિવિશેષ રૂપે, તેમનું નામ ક્રમમાં પૂજ્યપાદ દેવનંદી અને અકલંકદેવની પૂર્વે લખાયેલું ૧૧મી સદીના એક અભિલેખમાં અવશ્ય મળે છે[૧૫]. પણ ક્યાંયે તેમના સમય સંબંધમાં જરીકેય નિર્દેશ નથી મળતો[૧૬], કે નથી તેમાં સાંપડતી તત્સંબદ્ધ સમસ્યાના સીધા ઉકેલની ચાવી. આ દશામાં એક બાજુથી પૌર્વાપર્યના સિદ્ધાંત અનુસાર તેમની સમયસીમા નિર્ણીત કરવાના કેટલાક પ્રયત્નો થયા છે, જેની અંતર્ગત કેટલીક વાર તો તદ્દન લૂલાં, અને બહુ જ પાછોતરાં ગણાય તેવાં, ગુર્વાવલીઓ સરખાં સાધનોના આધારે તેમની મિતિ જડબેસલાક બેસાડી દેવાનો આયાસ પણ થયો છે : એટલું જ નહીં, તેવી સ્થાપના કરનારાઓ પોતે સંપ્રતીત થયાની સંતુષ્ટિ અનુભવવા સાથે એમનો નિર્ણય હવે સદાકાળ માટે, અને સર્વથા સિદ્ધ તેમ જ સર્વસ્વીકૃત થઈ ચૂક્યો હોય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેવો "તોર" વા "તા" બતાવવામાં પણ ખચકાટ અનુભવતા નથી. આમાંથી જે કંઈક ધ્યાન દેવા લાયક પ્રયત્નો છે તેનાં પરિણામો પરસ્પર વેગળાં અને વિરોધી છે. એક છેડે તટસ્થ અન્વેષક વૈદિક વિદ્વાન્ (સ્વ૰) કાશીરામ બાપુરાવ પાઠક સમંતભદ્રને ઈસ્વીસન્‌ના આઠમા શતકના આરંભમાં મૂકે છે[૧૭], તો બીજે છેડે દિગંબર વિદ્વાન્ પં૰ જુગલકિશોર મુખ્તાર સાહબ મરહૂમ એમને ઘડીક વિક્રમની પહેલી-બીજી તો ઘડીક બીજી-ત્રીજી શતાબ્દી(ઈ૰ સ૰ પૂર્વે ૪૪થી ઈ૰ સ૰ ૨૪૪)માં મૂકે છે[૧૮]. આ બે અંતિમો વચ્ચે કેટલીક અન્ય ધારણાઓ આવે છે, જે વિશે અહીં આગળ ઉપર આવનાર અવલોકનમાં ઉલ્લેખ થશે.

સમંતભદ્રના સમય-વિનિર્ણયમાં તેમની ઉત્તરસીમાનો નિશ્ચય કરવામાં તો કોઈ દુવિધા નથી; તત્સંબદ્ધ જ્ઞાત હકીકતો અહીં ટૂંકમાં અવલોકી જઈશું :

(૧) દિગંબર સંપ્રદાયના પંચસ્તૂપાન્વયમાં થયેલા સુવિખ્યાત સ્વામી વીરસેનના મહાન્ શિષ્ય જિનસેને **આદિપુરાણ**(આ૰ ઈ૰ સ૰ ૮૩૭ પશ્ચાત્)ની ઉત્થાનિકામાં અન્ય પુરાણા નિર્ગ્રન્થ (અને પ્રધાનતયા દિગંબર) આચાર્યો સાથે સમંતભદ્રનું પણ સ્મરણ કર્યું છે[૧૯]. તદતિરિક્ત પુન્નાટગણના આચાર્ય કીર્ત્તિષેણના શિષ્ય આચાર્ય જિનસેનના **હરિવંશપુરાણ** (સં૰ ૮૦૬ / ઈ૰ સ૰ ૭૮૪)માં આપેલ, એમની રચેલી મનાતી (પણ વસ્તુતયા પ્રક્ષિપ્ત, રચના ઈસ્વી ૮૫૦ કે ત્યારબાદની), મહાન્ જૈન આચાર્યોની સ્તુતિપૂર્વક સૂચિમાં સમંતભદ્રનો **જીવસિદ્ધિ** તથા **યુક્ત્યનુશાસન**ના કર્તારૂપે ઉલ્લેખ કર્યો છે[૨૦]. વિદ્યાધરકુલના શ્વેતાંબરાચાર્ય (યાકિનીસૂનુ) હરિભદ્રસૂરિએ (કર્મકાલ આ૰ ઈ૰ સ૰ ૭૪૫-૭૮૫) **અનેકાંતજયપતાકા** તેમ જ તેની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં 'વાદીમુખ્ય સમંતભદ્ર'નો ઉલ્લેખ કર્યો છે[૨૧]. એમની **આવશ્યકવૃત્તિ**(પ્રાયઃ ઈસ્વી ૭૫૦-૭૬૦)માં **સ્વયંભૂસ્તોત્ર**માંથી (કર્ત્તા કે કૃતિનું નામ આપ્યા સિવાયનું) ઉદ્ધરણ મળે છે[૨૨]. આથી સ્પષ્ટ છે કે સમંતભદ્ર આઠમા શતકના ઉત્તરાર્ધ પૂર્વે થઈ ગયા છે.

(૨) સમંતભદ્રની **આપ્તમીમાંસા** અપરનામ **દેવાગમસ્તોત્ર** પર **અષ્ટશતીભાષ્ય** રચનાર, દિગંબર તાર્કિકશિરોમણિ ભટ્ટ અકલંકદેવનો કર્મકાળ હવે ઈસ્વીસન્‌ના આઠમા શતકમાં, ઈ૰ સ૰ ૭૨૦-૭૮૦ના ગાળામાં ક્યાંક આવી જતો હોવાનું, પ્રમાણપૂર્વક સૂચવાયું છે[૨૩], અને એ સમય હવે તો સુનિશ્ચિત જણાય છે : સમંતભદ્ર આથી આઠમી સદીના મધ્યભાગ પૂર્વે થઈ ગયાનું વિશેષ પ્રમાણ મળી રહે છે.

(૩) આથીયે વધારે મહત્ત્વનો મુદ્દો છે પૂજ્યપાદ દેવનંદી અને સમંતભદ્રના સમકાલ-પૂર્વકાલના નિર્ણયનો. દેવનંદીએ એમના **જૈનેન્દ્રશબ્દશાસ્ત્ર**માં સમંતભદ્રનો નામપૂર્વક ઉલ્લેખ કર્યો છે; પરંતુ દેવનંદીના સમય પરત્વે તીવ્ર મતભેદ પ્રવર્તે છે : એક તરફ એમને ગુપ્ત સમ્રાટ્ કુમારગુપ્ત મહેન્દ્રાદિત્ય(ઈ૰ સ૰ ૪૧૫-૪૫૫)ની સમીપના સમયમાં થયેલા માનવામાં આવે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે[૨૪], તો બીજી તરફ તેમને સાતમી શતાબ્દીના આખરી ચરણમાં મૂકવામાં આવે છે[૨૫]. દેવનંદીનો કર્મકાળ, મેં અદ્યાવધિ રજૂ થયેલ વિવિધ દાવાઓના પરીક્ષણ પછી, અને ઉપલબ્ધ આંતરિક તેમ જ બહારનાં પ્રમાણોના આધારે, ઈ૰ સ૰ ૬૩૫-૬૮૦ના આરસાનો નિશ્ચિત કર્યો છે[૨૬]. આ મિતિ લક્ષમાં લેતાં સમંતભદ્ર ઈ૰ સ૰ ૬૫૦થી અગાઉ થઈ ગયા હોવાની પૂરી શક્યતા છે.

(૪) બૌદ્ધ દાર્શનિક ધર્મકીર્ત્તિ (ઈ૰ સ૰ ૫૮૦-૬૬૦ કે ૫૫૦-૬૩૦) દ્વારા સમંતભદ્રના સ્યાદ્વાદ સંબદ્ધ "કિંચિત્" ઉદ્‌ગારાદિનું ખંડન થયું હોય તેમ જણાય છે[૨૭].

(૫) મીમાંસક કુમારિલ ભટ્ટ દ્વારા સમંતભદ્રના નિર્ગ્રન્થ-સર્વજ્ઞતાવાદાદિનું ખંડન હોય તો[૨૮] સમંતભદ્રની કૃતિઓ ઈ૰ સ૰ ૬૦૦ આસપાસમાં ઉપલબ્ધ હોવી ઘટે[૨૯].

સાહિત્યિક રચનાઓમાં ઉલ્લેખો આદિથી થઈ શકતી પૌર્વાપર્ય-આશ્રિત નિર્ણયોની મર્યાદા અહીં આવી રહે છે. હવે સમંતભદ્રની કૃતિઓ અંતર્ગતની વસ્તુ, એમનાં દાર્શનિક વિભાવો-ગૃહીતો, અને એમનાં વચનોમાંથી સૂચવાતા કાલ-ફલિતાર્થ ઇત્યાદિ અંગે ગવેષણા ચલાવતાં પહેલાં સાંપ્રતકાલીન લેખકોએ એમનો સમય નિર્ધારિત કરવામાં જે મુદ્દાઓ ગ્રહણ કર્યા હોય, અને જે નિષ્કર્ષો કાઢ્યા હોય, તેને સમીક્ષાત્મક દૃષ્ટિએ જોઈ વળવું ઉપયુક્ત છે :

(૧) ખ્યાતનામ દિગંબર વિદ્વાન્, વિદ્યાવારિધિ જ્યોતિપ્રસાદ જૈનની રજૂઆત છે કે સમંતભદ્ર કાંચીપુરના સુપ્રસિદ્ધ બૌદ્ધ દાર્શનિક ભિક્ષુ નાગાર્જુનના સમકાલિક છે અને બન્ને વિદ્વાનોનો એકબીજા પર પ્રભાવ પડેલો છે[૩૦]. મહાયાન સંપ્રદાયના માધ્યમિક સંઘના અગ્રચારી દાર્શનિકોમાં આચાર્ય નાગાર્જુનનો સમય ઈસ્વીસન્‌ની પહેલી-બીજી શતાબ્દીના અરસાનો, સાતવાહન યુગમાં, મનાય છે. આથી સમંતભદ્રનો પણ એ જ કાળ ઠરે : પણ પહેલી વાત તો એ છે કે આ "પારસ્પરિક પ્રભાવ" સિદ્ધ કરે તેવાં કોઈ જ પ્રમાણો તેઓ રજૂ કરતા નથી. બીજા કોઈ વિદ્વાને આ વાત અન્યત્ર સવિસ્તર ચર્ચી હોય તો તેનો પણ હવાલો દેતા નથી[૩૧]. સમંતભદ્રનો સમય જ જ્યાં નિશ્ચિત ન હોય તેવી સ્થિતિમાં તો અન્ય સ્વતંત્ર પ્રમાણો દ્વારા સમંતભદ્રને જો એટલા પ્રાચીન ઠરાવી શકાય તો જ તેમના નાગાર્જુન સાથેના સમકાલિકપણાની કે સામીપ્યની કલ્પના માટે અવકાશ રહે; નહીં તો જ્યાં વૈચારિક-શાબ્દિક સામ્ય જોવા મળે ત્યાં નાગાર્જુનનો પ્રભાવ સમંતભદ્ર પર પડેલો ગણાય; અને તે ઘટના પછીના ગમે તે કાળમાં ઘટી હોવાનું સંભવી શકે. આપણે અહીં આગળ જોઈશું તેમ સમંતભદ્ર એટલા પ્રાચીન ન હોવાનાં ઘણાં પ્રમાણો ઉપલબ્ધ થઈ શકતા હોઈ ઉપરની સ્થાપના સ્વતઃ નિસ્સાર બની જાય છે.

(૨) કર્ણાટકમાંથી મળેલી એક હસ્તલિખિત નોંધને આધારે જ્યોતિપ્રસાદ સમંતભદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાશ્રમમાં ફણિમંડલમાં રહેલ ઉરગપુરના રાજકુમાર હોવાનું, અને ફણિમંડલ ઉર્ફે નાગમંડલનો "પેરિપ્લસ"માં ઉલ્લેખ મળતો હોઈ તેમનો સમય ઈસ્વીસન્‌ની બીજી શતાબ્દીના અરસાનો અંદાજે છે. ઉરગપુરને તેઓ તિરુચિરાપલ્લી પાસે આવેલું "ઉરૈયૂર" હોવાની ઓળખ આપે છે[32]. પ્રસ્તુત હસ્તલિખિત નોંધ વાસ્તવમાં કેટલી પુરાણી છે અને એથી કેટલે અંશે વિશ્વાસપાત્ર છે તેની કોઈ જ ગવેષણા તેઓ ચલાવતા નથી. તામિલનાડ(તમિળ્‌લનાડ)ના પુરાણા ઇતિહાસના અભ્યાસીઓ પુરાતન તામિલ (તમિળ્‌લ) ભાષામાં રચાયેલ સંગમ સાહિત્ય પરથી જાણે છે કે ઈસ્વીસન્‌ના આરંભની સદીઓમાં ઉરૈયૂર પ્રારંભિક ચોલ (ચોળ્‌લ) નરેન્દ્રોની રાજધાની હતી. પુરાતન ચોલદેશ(ચોળ્‌લનાડ)માં તામિલ ભાષાની બોલબાલા હતી અને પ્રાચીનતમ ચોલ રાજયોનાં નામો તે કાળે સંસ્કૃતમાં નહીં, તામિલમાં પડતાં હતાં. ચોલમંડલમાં નાગમંડલ નામક કોઈ જ પરગણું કે ઠકરાત હોવાનો ક્યાંયે પુરાણો સ્થાનિક ઉલ્લેખ પ્રાપ્ત નથી. આ બધું જોતાં મૂળ લેખકની આ મનઘડંત નોંધ ન માનીએ તોયે બહુ મોડેની અનુશ્રુતિ હોવાનો વિશેષ સંભવ છે[33]. આવી અત્યંત સંદેહાસ્પદ સંયોગોના સંસર્ગવાળી નોંધને પ્રમાણ રૂપે સ્વીકારતાં ઘણા વાંધાઓનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ ઊભી થાય છે. વસ્તુતયા સમંતભદ્રને એ કાળથી ઠીક ઠીક અર્વાચીન સિદ્ધ કરનાર, વિશેષ વિશ્વસનીય પુરાવાઓ (આપણે આગળ જોઈશું તેમ) બહોળા પ્રમાણમાં કેટલાંક તો એમના જ લેખનમાંથી લભ્ય બનતા હોઈ, તેમના કાળનિર્ણયમાં ઉપર્યુક્ત મુદ્દો જરાયે ઉપયુક્ત બની શકે તેમ નથી.

(૩) પં૦ દરબારીલાલ કોઠિયાનું કહેવું છે કે સમંતભદ્રે નાગાર્જુનનું ખંડન કર્યું છે; આથી તેઓ તેમના સમકાલમાં થયા છે[34]. આ વાત ત્યારે પ્રામાણિક માની શકાય કે જ્યારે અન્ય પુરાવાઓ પણ તેઓ ઈસ્વીસન્‌ના બીજા શતકમાં મૂકવાની તરફેણ કરે. પણ એવી સ્થિતિ આપણે જોઈશું તેમ છે જ નહીં[35].

(૪) દિગંબર વિદ્વદ્વર પં૦ કૈલાસચંદ્ર શાસ્ત્રીના કથન અનુસાર સમંતભદ્રે જૈમિનીના **મીમાંસાસૂત્ર** પર **ભાષ્ય** રચનાર શબરના કથનનું બિંબ-પ્રતિબિંબ શબ્દોમાં ખંડન કર્યું છે[36]. યથા :

"उन्होंने ही सर्वप्रथम सर्वज्ञता की सिद्धि में नीचे लिखा अनुमान उपस्थित किया–

**"सूक्ष्मान्तरितदूरार्थाः प्रत्यक्षाः कस्यचिद्यथा ।**
**अनुमेयत्वतोऽग्न्यादिरिति सर्वज्ञसंस्थितिः ॥"**

— **आप्तमीमांसा**, ५

'सूक्ष्म परमाणु वगैरह, अन्तरित राम–रावण वगैरह और दूरवर्ती सुमेरु वगैरह पदार्थ किसी के प्रत्यक्ष हैं, अनुमेय होने से, जैसे अग्नि वगैरह । इस प्रकार सर्वज्ञ की सम्यक् स्थिति होती



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

है ।' इस कारिका को पढने से शाबरभाष्य की एक पंक्ति का स्मरण हो जाता है । – **"चोदना हि भूतं भवन्तं भविष्यन्तं सूक्ष्मं व्यवहितं विप्रकृष्टमित्येवं जातीयकमर्थमवगमयितुमलम् ।"** **( शा॰ भा॰ १-१-२ )**

भाष्य के सूक्ष्म व्यवहित और विप्रकृष्ट शब्द तथा कारिका के सूक्ष्म अन्तरित और दूर शब्द एकार्थवाची हैं । दोनों में बिम्ब-प्रतिबिम्ब भाव झलकता है । और ऐसा लगता है कि एक ने दूसरे के विरोध में अपना उपपादन किया है । शबर स्वामी का समय २५० से ४०० ई॰ तक अनुमान किया जाता है । स्वामी समन्तभद्र का भी यही समय है । विद्वान् जानते हैं कि मीमांसक वेद को अपौरुषेय और स्वतःप्रमाण मानते हैं । उनके मतानुसार वेद भूत, वर्तमान, भावि तथा सूक्ष्म, व्यवहित और विप्रकृष्ट अर्थों का ज्ञान कराने में समर्थ है । इसी से वह किसी सर्वज्ञ को नहीं मानते । किन्तु जैन वेद के प्रामाण्य को स्वीकार नहीं करते और जिनेन्द्र को सर्वज्ञ सर्वदर्शी मानते हैं । अतः समन्तभद्र ने शाबरभाष्य के विरोध में यदि सर्वज्ञ की सिद्धि हेतुवाद के द्वारा की हो तो अयुक्त बात नहीं है । शायद इसी से शाबरभाष्य के व्याख्याकार कुमारिल ने समन्तभद्र की सर्वज्ञताविषयक मान्यता को खूब आड़े हाथों लिया है और उसका परिमार्जन अकलंकदेव ने अपने न्यायविनिश्चय में किया है ।"

પરંતુ **શાબરભાષ્યમાં યાજ્ઞવાલ્ક્યસ્મૃતિ** (ઈસ્વી॰ બીજી શતાબ્દી) જ નહીં, ઉત્તરકાલીન બૌદ્ધોના પ્રસિદ્ધ વિજ્ઞાનવાદનો પણ ઉલ્લેખ છે. વિજ્ઞાનવાદનું દાર્શનિક ઢાંચામાં વિશેષ સ્પષ્ટ રૂપે પ્રણયન આર્ય અસંગ (આ॰ ઈ॰ સ॰ ૪૧૦-૪૭૦) તથા વસુબંધુ (જીવનકાળ આ॰ ૪૨૦થી ૪૮૦) દ્વારા થયેલું છે; એમ જ હોય તો ભાષ્યકાર શબરને વહેલામાં વહેલા ઈસ્વીસન્‌ની ચોથી સદીના ઉત્તરાર્ધમાં મૂકી શકાય. શબર આમ નાગાર્જુનથી બસો-અઢીસો વર્ષ બાદ જ થયા જણાય છે. આ જોતાં સમંતભદ્ર શબરના સમય પછીથી જ ક્યારેક થયેલા ગણાય. આફતાબ-ઉલ-મઝહબ મુખ્તાર સાહબ મરહૂમ, વિદ્યાવારિધિ જ્યોતિપ્રસાદ જૈન, તથા ન્યાયાંભોનિધિ પં॰ દરબારીલાલ કોઠિયા, ઇત્યાદિ દિગંબર વિદ્વદ્વર્યોએ સૂચવેલ સમંતભદ્રના નાગાર્જુન સાથેના સમકાલીનત્વની વાતનું આથી સહેજે જ નિરસન થઈ જાય છે. પણ તે સાથે જ પં॰ કોઠિયાની તેમ જ પં॰ કૈલાસચંદ્રની કાળનિર્ણય સંબદ્ધ તર્કપ્રણાલી ચિંતનીય જ નહીં, ચિંતાજનક પણ બની જાય છે. એક દાર્શનિક બીજાનું ખંડન કરે તો તે તેનો સમકાલિક વા સમીપકાલિક હોવો ઘટે. કંઈક એવો નિયમ આ બન્ને વિદ્વદ્‌પુંગવો પેશ કરતા લાગે છે, ઘડી કાઢતા જણાય છે : પણ શબરના મતનું ખંડન જો સમંતભદ્રે કર્યું હોય તો પ્રસ્તુત નિયમ ટકતો નથી; અને એમ જ હોય તો પં॰ કૈલાસચંદ્રની સ્થાપના—સમંતભદ્ર અને શબરના સમકાલીનત્વની—પણ અત્યંત શંકાસ્પદ બની જાય છે. અહીં આ નિયમની પોકળતા તો એ નિયમના આધારે ઉપસ્થિત થતાં આશ્ચર્યજનક સમીકરણોથી સ્પષ્ટ થશે. દૃષ્ટાંતઃ દશમી સદીના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વાર્ધમાં થઈ ગયેલા વિદ્યાનંદે ધર્મકીર્તિ તથા કુમારિલનું ખંડન કર્યું છે, માટે તેઓ એ બન્નેના સમકાલિક; ધર્મકીર્તિએ કુમારિલનું ખંડન કર્યું છે માટે તે બન્ને સમકાલિક. કુમારિલે સમંતભદ્રના મતને કાપ્યો છે માટે એ બન્ને એકકાલિક; અને સમંતભદ્રે નાગાર્જુનના મતને ઉથાપ્યો છે માટે સમંતભદ્ર તેમના સમકાલીન ! અને શબરના મતને સમંતભદ્રે તોડ્યો છે એટલે તેઓ પણ સમકાલિક; આમ આ પાંચે પુરાણા દાર્શનિક પંડિતો—સાતવાહન-કુષાણકાલીન-અનુગુપ્તકાલીન-મધ્યકાલીન એકકાલીન બની રહે !

(૫) કાશીરામ પાઠકે બતાવ્યું છે કે સમંતભદ્રે ભર્તૃહરિના શબ્દાદ્વૈતવાદનું **વાક્યપદીય**ના જ એક ચરણખંડનો ઉપયોગ કરી ખંડન કર્યું છે; "વાદિમુખ્ય સમંતભદ્ર"ના નામથી યાકિનીસૂનુ હરિભદ્રે જે (તેમની આજે અનુપલબ્ધ કૃતિમાંથી) પદ્ય અવતરિત કર્યું છે તેમાં તે છે[૩૭]. આથી સમંતભદ્ર ભર્તૃહરિ બાદ થયાનું ઠરે છે[૩૮]. ભર્તૃહરિનો સમય વર્તમાને ઈસ્વી પંચમ શતી પૂર્વાર્ધનો મનાય છે.

(૬) પં. દરબારીલાલ કોઠિયાનું વિશેષમાં માનવું છે કે સમંતભદ્ર (પરંપરામાં વસુબંધુના શિષ્ય મનાતા) દિઙ્નાગે સ્થાપેલ પ્રમાણ-લક્ષણથી, અનભિજ્ઞ છે[૩૯] (અને એ કારણસર સમંતભદ્ર દિઙ્નાગથી પૂર્વે થયેલા છે.) પરંતુ મુનિવર જંબૂવિજયજીએ સમંતભદ્રની **આપ્તમીમાંસા** અંતર્ગત બૌદ્ધોની કેટલીક આલોચના દિઙ્નાગને લક્ષમાં રાખીને થઈ છે તેવો અભિપ્રાય આપ્યો છે[૪૦]; યથા :

" "**शब्दान्तरार्थापोहं हि स्वार्थे कुर्वती श्रुतिरभिधत्त इत्युच्यते**" इति **दिङ्नागीयं** वचः । एतच्च दिङ्नागीयं वचः तत्त्वसंग्रहपञ्जिकायां श्लो॰ १०१६, सन्मतिवृत्तौ पृ॰ २०४, सिद्धसेनगणिरचितायां तत्त्वार्थसूत्रवृत्तौ पृ॰ ३५७, प्रमाणवार्तिकस्ववृत्तेः कर्णकगोमिरचितायां वृत्तौ पृ॰ २५१, २५३ इत्यादिषु बहुषु स्थानेषूद्धृतम्, विशेषार्थिभिः सप्तमेऽरे पृ॰ ५४८ इत्यत्र टिप्पणं विलोकनीयम् । एतच्च दिङ्नागीयं वचः समन्तभद्राचार्येण **आप्तमीमांसाया**मित्थं निराकृतम्

**"वाक्स्वभावोऽन्यवागर्थ प्रतिषेधनिरङ्कुशः ।**
**आह च स्वार्थसामान्यं, तादृग् वाच्यं खपुष्पवत् ॥१११॥**

किञ्चान्यत् "नार्थशब्दविशेषस्य वाच्यवाचकतेष्यते । तस्य पूर्वमदृष्टत्वात् सामान्यं तूपदेक्ष्यते ॥" इति दिङ्नागस्य श्लोकं निराकर्तुम् "अर्थशब्दविशेषस्य वाच्यवाचकतेष्यते । तस्य पूर्वमदृष्टत्वे सामान्यादुपसर्जनात् ॥" इति प्रतिश्लोको दिङ्नागस्य मतं निराकुर्वता मल्लवादीक्षमाश्रमणेनोपन्यस्तः "**अर्थविशेषश्च तवावाच्य एव**" इति चोक्तम् । दृश्यतां पृ॰ ६१५ पं॰ २,१२, पृ॰ ६१६, पं॰ ३, पृ॰ ७०७, पं॰ १४-१६ । **समन्तभद्राचार्येणाप्येतद्** दिङ्नागस्य वचः प्रतिविहितमित्थम् आप्तमीमांसायाम्-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**"सामान्यार्था गिरोऽन्येषां विशेषो नाभिलप्यते ।**
**सामान्याभावतस्तेषां मृषैव सकला गिरः ॥१॥" "**

એટલું જ નહીં; મને તો લાગે છે કે સમંતભદ્ર દિઙ્નાગયુગની "અન્યાપોહ" સરખી બૌદ્ધ પરિભાષાથી પરિચિત પણ હતા[४१]. જુઓ :

सर्वात्मकं तदेकं स्यादन्याऽपोह–व्यतिक्रमे ।
अन्यत्र समवाये न व्यपदिश्येत सर्वथा ॥

**—आप्तमीमांसा ११**

દિઙ્નાગનો સમય હવે ઈસ્વી ૪૮૦-૫૬૦નો મનાય છે. આથી સમંતભદ્ર છઠ્ઠા શતક પૂર્વાર્ધ બાદ જ થયા હોય.

(૭) (સ્વ૦) પં૦ જુગલકિશોર મુખ્તારનો દાવો છે કે સિદ્ધસેન દિવાકર પર સમંતભદ્રનો પ્રભાવ છે. તેમનું કહેવું છે કે "સ્વયંભૂ" શબ્દથી આરંભાતી એમની સુવિશ્રુત દ્વાત્રિંશિકા પાછળ સમંતભદ્રના "સ્વયંભૂ-સ્તોત્ર"ની પ્રેરણા રહેલી છે એટલું જ નહીં, સિદ્ધસેને વિનમ્રતાપૂર્વક (પોતાનાથી પ્રાચીનતર, મહત્તર, શ્રેષ્ઠતર એવા) સમંતભદ્રની નીચેના શબ્દોમાં સ્તુતિ કરી છે[४२]: યથા :

ये एष षड्जीवनिकायविस्तरः परैरनालीढपथस्त्वयोदितः ।
अनेन सर्वज्ञपरीक्षणक्षमास्त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः ॥

**—द्वात्रिंशिका १.१३**

વસ્તુતયા સિદ્ધસેને અહીં સમંતભદ્રનું નામ સીધી કે આડકતરી રીતે આપ્યું જ નથી; કે નથી શ્લેષ વડે કે અન્યથા સૂચિત કર્યું. મૂળ શ્લોકનો સીધો અને સરળ અર્થ સિદ્ધસેનની રચનાઓના તેમ જ સંસ્કૃત-તજ્જ્ઞ અભ્યાસીઓ આ પ્રમાણે કરે છે : "(હે જિનવર !) અન્ય મતિઓને જેનો સ્પર્શ પણ નથી થયો તે આ ષડ્જીવનિકાયનો વિસ્તાર તેં જે દર્શાવ્યો છે તે દ્વારા જ સર્વજ્ઞતાની પરીક્ષામાં ક્ષમત્તા ધરાવનાર (વાદીઓ) તારા તરફ પ્રસન્નતા અને ઉત્સવ સહ સ્થિર થયા છે[४३]." આથી સ્પષ્ટ છે કે મૂળ કર્તાને કંઈ "સમંતભદ્ર" અભિપ્રેય નથી, પણ એમણે જે સહચારી શબ્દો વાપર્યા છે તે બહુવચનમાં હોવા ઉપરાંત અર્થની અપેક્ષાએ કેવળ ઓઘ દૃષ્ટિથી, સામાન્ય રૂપે જ, છે. સિદ્ધસેન દિવાકર અને સ્વામી સમંતભદ્રની રચનાઓમાં ભાવ-વિભાવ, અને ક્યાંક ક્યાંક શબ્દ-પસંદગીમાં સમાનતા-સમાંતરતા જરૂર જોવા મળે છે, જેનો (સ્વ૦) પં૦ સુખલાલજીએ યથોચિત નિર્દેશ કર્યો છે[४४]. પણ આગમને પ્રમાણરૂપ માની નિશ્ચય કરવાના વિભાવની ભૂમિકા સંબદ્ધ સમંતભદ્રનું કથન સિદ્ધસેન (ઈસ્વી પાંચમી સદી પૂર્વાર્ધ) કરતાં આગળ નીકળી ગયાનું ડા૦ નથમલ ટાટિયાનું કહેવું છે[४५]. આથી સિદ્ધસેનથી સમંતભદ્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂર્વવર્તી હોવાનું નિર્વિવાદ સિદ્ધ થઈ શકતું નથી; અને સિદ્ધસેન પર સમંતભદ્રનો પ્રભાવ પડ્યાનું કલ્પી શકાય તેવી સ્થિતિ જ નથી. વસ્તુતયા સમંતભદ્રની તર્કશૈલી, રજૂઆત, તેમ જ કવિતાકલેવરની નિબંધનશૈલી સિદ્ધસેનથી ઘણી જ આગળ નીકળી જાય છે. (સુખલાલજી આદિ વિદ્વાનો એ મુદ્દા પર આ પૂર્વે કહી ચૂક્યા છે.)

દિગંબર વિદ્વદ્વર્યો દ્વારા મિતિ-સંબદ્ધ કેવળ એકાંગી પરીક્ષણ અને એથી નીપજતા એકાંત નિર્ણયોની નિઃસારતા સ્પષ્ટ થવા સાથે ઉપરની ચર્ચાથી સમંતભદ્ર, એક તરફ સિદ્ધસેન અને ભર્તૃહરિ જ નહીં, દિઙ્નાગ પછીના અને બીજી તરફ દેવનંદીના સમયની પૂર્વે. એટલે કે ઈ૰ સ૰ ૫૪૦-૬૩૫ના ગાળામાં થયા હશે તેટલો પ્રાથમિક અંદાજ થઈ શકે. આશ્ચર્યની વાત છે કે દિગંબર વિદ્વાનોએ સમંતભદ્રના સમયાંકન માટે બહાર તો ખૂબ નજર દોડાવી અને અનુકૂળ લાગે તેવી વાતોને પ્રમાણરૂપ માની (તે પર તલસ્પર્શી અવગાહન કર્યા સિવાય) રજૂ પણ કરી દીધી; પણ સ્વયં સમંતભદ્રની કૃતિઓમાંથી શી ધારણાઓ ઉપસ્થિત થઈ શકે છે તેના પર તલપૂર પણ ધ્યાન આપ્યું નહીં !

સમંતભદ્રની એકદમ સુનિશ્ચિત મિતિ તો નહીં પણ તેમની વિદ્યમાનતાના સંભાવ્ય કાળ-કૌંસને સંકોચી શકે તેવા, અમુકાંશે તો નિર્ણાયક જ કહી શકાય તેવા જે મુદ્દાઓ તેમની કૃતિઓના પ્રાથમિક આકલનથી જ ઉપર તરી આવે છે તે, અને કેટલાંક મહત્ત્વપૂર્ણ પ્રમાણો જે તેમની કૃતિઓના સૂક્ષ્મ પરીક્ષણથી ખોળી શકાયાં છે તે અહીં ક્રમશઃ ઉપસ્થિત કરીશું :

(૧) નિર્ગ્રન્થોમાં સૌ પ્રથમ સંસ્કૃતમાં પ્રાપ્ત થતી કોઈ કૃતિઓ હોય તો તે વાચક ઉમાસ્વાતિનાં **સભાષ્યતત્ત્વાર્થાધિગમસૂત્ર, પ્રશમરતિપ્રકરણ,** તથા **ક્ષેત્રસમાસ** અપરનામ **જંબૂદ્વીપસમાસ** (આ૰ ઈ૰ સ૰ ૩૫૦-૩૭૫) છે. પ્રથમની બે પદ્યબદ્ધ કૃતિઓમાં મળતી મૂળ કારિકાઓ રીતિ, શૈલી, વસ્તુ તેમ જ કાવ્યકલાની દૃષ્ટિએ સિદ્ધસેન દિવાકરની સૂક્તિઓ(ઈસ્વીસન્ પાંચમી શતી પૂર્વાર્ધ)થી નિશ્ચયતયા પ્રાચીનતર જણાય છે ને એ બન્ને કર્ત્તાઓની કૃતિઓ સાથે સરખાવતાં સમંતભદ્રની કવિતા તો સર્વ દૃષ્ટિએ—વિચાર, આકાર, અને આભૂષા સમેત—સર્વાંગ વિકસિત અને પ્રસ્તુતિકરણમાં અતિશય વિદગ્ધ છે. આ જોતાં તેઓ ઈસ્વીસન્ પૂર્વે તો શું પણ ઈસ્વીસન્‌ની પહેલી પાંચ શતાબ્દીઓમાં પણ થયા હોવાનું સંભવતું નથી. એમની રચના-શૈલી સ્પષ્ટતયા ગુપ્ત-વાકાટક કાળના શ્રેષ્ઠ સમય પછીનાં લક્ષણો દાખવી રહે છે. (આ મુદ્દા પર વિશેષ ચર્ચા અહીં આગળ ઉપર કરવા ધાર્યું છે.)

(૨) સમંતભદ્રમાં સિદ્ધસેન દિવાકરથી અધિકતર ન્યાયાવલંબી અને ઊંડાણભર્યું પરીક્ષણ દેખા દે છે. એમની રજૂઆત પણ સિદ્ધસેનથી વિશેષ વ્યવસ્થિત છે. વિરોધી વાદો સામેની તેમની યુદ્ધસજ્જતા સવિશેષ, વસ્તુતયા આલા દરજ્જાની, હોવા ઉપરાંત તેમના વ્યૂહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ અટપટા છે. દાર્શનિક વિભાવો-પરિભાવો તેમ જ પરિભાષાનો પણ વિશેષ વિકાસ તેમના કાબેલિયતભર્યા આયોજનમાં છતો થઈ રહે છે. નિર્ગ્રન્થ-દર્શનના સુપ્રસિદ્ધ સ્યાદ્વાદનો ચરમ વિકાસ તેમની કૃતિઓમાં સૌ પ્રથમ જોવા મળે છે : અને તેમણે અનેકાંતવાદ પર તો ખૂબ જોર દેવા સાથે (તેના પ્રાયઃ એકાર્થક મનાતા શબ્દ) "સ્યાદ્વાદ"નો નાદ પણ ઔર બુલંદ બનાવ્યો છે. "સ્યાદ્વાદ" શબ્દનો પ્રયોગ પણ પ્રથમ જ વાર તેમની **આપ્તમીમાંસા** સરખી કૃતિમાં મળે છે[૪૬]. સ્યાદ્વાદ સાથે આગમયુગમાં તો શું પણ ઉમાસ્વાતિ કે સિદ્ધસેનની કૃતિઓમાં પણ સીધી રીતે નહીં જોવા મળતી "સપ્તભંગી"ની પરિભાષાના પ્રયોજક પણ સમંતભદ્ર જ હોય તેમ લાગે છે[૪૭]. કેમ કે ઉમાસ્વાતિની કૃતિમાં તેનો ક્યાંયે ઉલ્લેખ નથી. બીજી બાજુ સિદ્ધસેન દિવાકરના **સન્મતિ-પ્રકરણ**માં "અનેકાંત"નો ઉલ્લેખ છે પણ "સ્યાદ્વાદ" એવં "સપ્તભંગી"નો નહીં[૪૮]. આમ સમંતભદ્ર સિદ્ધસેન પછી જ થયેલા છે. વધારામાં સિદ્ધસેનના સમયમાં જુદા જુદા સંપ્રદાયો વચ્ચે વાદ-વિવાદોની લીલા તો ચાલતી જ હતી; પણ તાર્કિક ભૂમિકાનું અતિ ગંભીર અને પૂર્ણ રીતે ખીલેલું સ્વરૂપ સમંતભદ્રની **આપ્તમીમાંસા**માં મળે છે. આ તથ્યો પણ પાંચમા શતક પછીની આગળ વધેલી પરિસ્થિતિ સૂચવે છે. સંબંધકર્ત્તા દિગંબર વિદ્વાનોને મન આ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓનું કંઈ જ મૂલ્ય હોય તેમ દેખાતું નથી ! આ મુદ્દાઓ તેમની નજરમાં જ આવ્યા નથી. પં૦ કોઠિયાએ નાગાર્જુનના ખંડનથી અને પં૦ કૈલાસચંદ્રે શબરના ખંડનમાત્રથી સમંતભદ્રને તેમના સમકાલીન માની લીધા; પણ સમંતભદ્ તો શબર જ નહીં, ભર્તૃહરિ, સિદ્ધસેન દિવાકર, અને દિઙ્નાગની પણ પછી જ થયા છે.

(૩) સમંતભદ્રની સ્વોપજ્ઞ મનાતી, તેમની વાદીરૂપેણ દુર્જેયતાની સૂચક ચારેક ઉક્તિઓ મળી આવી છે; (વસ્તુતયા તે બધી સમંતભદ્ર સંબદ્ધ લખાયેલા કોઈ નવમી-દશમી સદી આસપાસના, કે તે પૂર્વના ? સંપ્રતિ અપ્રાપ્ય ચરિતમાંથી લીધા હોય તેમ લાગે છે.) તેના પરીક્ષણથી કેટલોક નવો પ્રકાશ લાધી શકે છે. (દિગંબર પંડિતો તેને તથ્યપૂર્ણ તો માનતા હોય તેમ લાગે છે પણ કોણ જાણે કેમ પણ તેના પર કાળનિર્ણયની દૃષ્ટિએ કશી જ વિચારણા તેમણે ચલાવી નથી.) આ પદ્યો હવે અવલોકનાર્થે એક પછી એક લઈએ :

(अ) **अवटु-तटमटति झटिति स्फुट-पटु-वाचाट धूर्जटेरपि जिह्वा ।**
**वादिनि समन्तभद्रे स्थिति तव सदसि भूप ! कास्थाऽन्येषां ॥**

ઉપરના પદ્ય[૪૯] વાદમાં ધૂર્જટિ નામક કોઈ વાદી(શૈવ વિદ્વાન્ હશે ?)ની સાથે થયો હશે તે વાદમાં તેની પૂર્વે જીભ સ્તંભિત કરી દીધાનું કોઈ રાજસભામાં સમંતભદ્ર આહ્વાન સહિત કહેતા હોય તેવો ભાસ થાય છે. દુર્ભાગ્યે આ ધૂર્જટિ વિષયે (તેમ જ સંબંધકર્ત્તા રાજા વિશે) કશું જાણમાં ન હોઈ આ મુદ્દો કાળ-વિનિર્ણયમાં ઉપયુક્ત નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(ब) कांच्यां नग्नाटकोऽहं मलमलिनतनुर्लाम्बुशे पाण्डुपिण्डः
पुण्ड्रोड्रे शाक्यभिक्षुः दशपुरनगरे मिष्टभोजी परिव्राट् ।
वाराणस्यामभूवं शशधरधवलः पाण्डुरांगस्तपस्वी
राजन् यस्याऽस्ति शक्तिः स वदतु पुरतो जैननिर्ग्रन्थवादी ॥

આ ઉક્તિનો[૫૦] સાર એ છે કે તેઓ પ્રથમ કાંચીનગરીમાં "નગ્નાટક" એટલે કે આજીવિક સંપ્રદાયના સાધુ હતા[૫૧], પછી પુણ્ડ્ર (બંગાળ) અને ઓડ્ર(ઓરિસ્સા)માં શાક્યભિક્ષુ (બૌદ્ધ સાધુ) બન્યા હતા. તે પછી દશપુરનગર(મંદસોર)માં પરિવ્રાજક (મિષ્ટાન્નભક્ષી) સંપ્રદાયના મુનિ, અને ત્યાર બાદ વારાણસીમાં ભસ્માર્ચિત શૈવ સંન્યાસી થયા : ને અંતમાં જૈન-નિર્ગ્રન્થવાદી મુનિ થયેલા. (સમંતભદ્રે આમ નિર્ગ્રન્થ થતાં પૂર્વે ચારેક સંપ્રદાયો બદલેલા એવો સ્પષ્ટ ધ્વનિ છે. આ વાત સાચી હોય તો એમને જુદાં જુદાં દર્શનોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની, એમની વિચારધારાઓ અને નિરનિરાળી દાર્શનિક વાદપદ્ધતિઓનાં યુક્તિતંત્રનું રહસ્ય પ્રાપ્ત કરવાની તથા ભારત-પરિભ્રમણની તક મળેલી હશે.) હવે એની વિગતો પર વિશેષ વિચાર કરીએ. દક્ષિણ ભારતમાં, વિશેષ કરીને તમિળ્લદેશમાં, આજીવિક સંપ્રદાય લાંબા સમય સુધી ઘસાતાં ઘસાતાં ટકી રહેલો. આથી એ મુદ્દો સમંતભદ્રના સમય-નિર્ણયમાં ઉપયુક્ત નથી. પરિવ્રાજક સંપ્રદાયના સિલસિલાબંધ ઇતિહાસ વિશે બહુ ઓછું જાણમાં છે : અને માહેશ્વરી સાધુઓના ક્રમબદ્ધ ઇતિહાસના સ્રોતો જ્ઞાત નથી. જ્યારે પુણ્ડ્ર એટલે કે બંગાળમાં બૌદ્ધધર્મ હર્ષવર્ધનના સમકાલિક શશાંક (ઈસ્વીસન્‌ના ૭મા શતકનો પૂર્વાર્ધ) પહેલાં હતો; પણ "ઓડ્ર"એટલે કે વંગ, મગધ, અને ઉત્તર કોસલની સીમાઓને સ્પર્શતા કલિંગદેશ(ઉડીસ્સા)ના ઓતરાદા ભાગમાં તેનો પ્રભાવ કંઈક અંશે છઠ્ઠા શતકમાં અને પછી વિશેષે આઠમા શતકના ઉત્તરાર્ધમાં દેખા દે છે. બૌદ્ધ ભિક્ષુ રૂપે સમંતભદ્રે કલિંગદેશમાં વહેલામાં વહેલું છઠ્ઠા શતકના ઉત્તરાર્ધમાં અને ધર્માંધ શશાંકના સાતમી શતાબ્દીના આરંભિક ચરણમાં થયેલ કલિંગ-વિજય પૂર્વે પરિભ્રમણ કર્યું હોય[૫૨]. એક વાત એ પણ ધ્યાનમાં લેવા જેવી એ છે કે "જૈન" શબ્દ ગુપ્તયુગ (ચોથી-પાંચમી સદી) પહેલાં (નિર્ગ્રન્થ) સાહિત્યમાં (કે અન્યત્ર) ક્યાંય જોવા મળતો નથી. સમંતભદ્ર ઈસ્વીસન્‌ની બીજી-ત્રીજી શતાબ્દીમાં થયા હોવાનો આ વસ્તુ અપવાદ કરે છે.

આ પછીના એક પદ્યમાં કરહાટકના[૫૩] રાજાની સભામાં સમંતભદ્ર કહે છે કે અગાઉ એમણે પાટલિપુત્રમાં (વાદ-ઘોષની) રણભેરી વગાડેલી; તે પછી માલવ, સિંધુદેશ, ટક્ક (પંજાબ અંતર્ગત), કાંચીપુર (કાંજીવરમ્, તામિલનાડ), વિદિશા (ભિલસા, પ્રાચીન દશાર્ણ દેશ, મધ્યપ્રદેશ), અને હવે વાદીરૂપેણ કરહાટક (મહારાષ્ટ્ર-સ્થિત કરાડમાં) ઉપસ્થિત થયા છે. યથા :

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(क) **पूर्वं पाटलिपुत्र-मध्यनगरे भेरी मया ताडिता**
**पश्चान्मालव-सिन्धु-टक्क-विषये कांचीपुरे वैदिशे ।**
**प्राप्तोऽहं करहाटकं बहुभटं विद्योत्कटं सङ्कटं**
**वादार्थी विचराम्यहं नरपते ! शार्दूलविक्रीडितम् ॥**

આમાંથી તો સમય-વિષયક કોઈ નિશ્ચિત તારતમ્ય નીકળી શકે તેમ નથી. સિંધુદેશમાં તેઓ ગયા હોય તો સિંધ ઈ૰ સ૰ ૭૨૧માં ઇસ્લામી હકૂમત નીચે આવ્યું તે પહેલાં હોવું ઘટે.

અને છેલ્લા પદ્યમાં કોઈ રાજ્યસભામાં સમંતભદ્ર પોતાને આચાર્ય, કવિ, વાદિરાટ્, પંડિત, દૈવજ્ઞ (જ્યોતિષ-નિમિતજ્ઞ), ભિષગ્વર (વૈદ્ય), માંત્રિક, તાંત્રિક, આજ્ઞાસિદ્ધ, અને સિદ્ધસારસ્વત રૂપે બતાવે છે : યથા :[૫૪]

(ड) **आचार्योऽहं कविरहमहं वादिराट् पण्डितोऽहं**
**दैवज्ञोऽहं भिषगहमहं मान्त्रिकस्तान्त्रिकोऽहम् ।**
**राजन्नस्यां जलधिवलयामेखलायामिलाया-**
**माज्ञासिद्धः किमिति बहुना सिद्धसारस्वतोऽहम् ॥**

આમાંથી એમની પ્રાચીનતા વસ્તુતયા કેટલી છે તેનો અંદાજ જરૂર નીકળી આવે છે. **દશવૈકાલિકસૂત્ર**માં નિર્ગ્રન્થ ભિક્ષુઓને નક્ષત્ર (જ્યોતિષ-વિદ્યા), સ્વપ્નશાસ્ત્ર, યોગ, નિમિત્તશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, ભૈષજ્ય (વૈદિક) ઇત્યાદિ અંગે જે નિષેધ આજ્ઞા દીધી છે[૫૫] તે જોતાં તો સમંતભદ્ર આગમિક યુગમાં થયા હોવાનું સંભવતું નથી. પ્રસ્તુત કથન ધરાવતા અધ્યાયનો સમય આશરે ઈસ્વીસન્ પૂર્વેની બીજી-પહેલી શતાબ્દી બાદનો નથી.

**नक्खत्तं सुमिणं जोगं निमित्तं मंत भेसजं ।**
**गिहिणो तं न आइक्खे भूताधिगरणं पदं ॥**
**—दशवैकालिक सूत्र ८.५०**

આમાં "મંત્ર"નો તો સમાવેશ છે પણ "તંત્ર"નો ઉલ્લેખ નથી. મંત્રવાદ તો **અથર્વવેદ** (ઈ૰ સ૰ પૂ૰ પાંચમી શતી)થી ચાલ્યો આવે છે પણ "તંત્ર" પ્રમાણમાં અર્વાચીન છે. લગભગ છઠ્ઠા શતકથી વૈદિકોમાં તે પાશુપત-કાલામુખ-કાપાલિકાદિ શૈવ સંપ્રદાયોમાં, ને શાક્ત પંથમાં દુર્ગા-ચંડી-ચામુંડા-કાલી, ભૈરવ ઇત્યાદિ અઘોર શક્તિઓની ઉપાસના જોર પકડે છે; તો મહાયાન સંપ્રદાયમાં પાંચમાંથી, પણ વિશેષે તો છઠ્ઠા શતકના ઉત્તરાર્ધથી તારા, મહામાયૂરી, પ્રજ્ઞાપારમિતાદિ બૌદ્ધ શક્તિઓની તાંત્રિક ઉપાસનાને કારણે મંત્રવાદથી આગળ વધીને તંત્રવાદના વર્તુળમાં બૌદ્ધ ધર્મ પ્રવેશ્યો અને તે આઠમા શતકમાં વજ્રયાન-નીલપટાદિ પંથોમાં પરિણમ્યો. તો નિર્ગ્રન્થો પણ એ ઘોડાદોડમાં પાછળ રહ્યા નથી. ત્યાં "વિજ્જાઓ" (વિદ્યાઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આધિભૌતિક શક્તિઓ)ની માંત્રિક ઉપાસના ગુપ્ત કાળથી થવા લાગી અને તેમાં વળી સરસ્વતી, યક્ષી અંબિકા, પછી વૈરોટ્યા, પદ્માવતી, જ્વાલામાલિની, ચક્રેશ્વરી, ઇત્યાદિ દેવીઓનો સમાવેશ થયો અને મંત્રગર્ભિત તેમ જ તંત્રગર્ભિત પ્રાકૃત-સંસ્કૃત સ્તોત્રો પણ જૈન આચાર્યો-મુનિઓ દ્વારા નવમી-દશમી શતાબ્દીથી નિ:સંકોચ રચાવા લાગ્યા ! પોતાને નિર્ભીક રીતે, જરાયે આંચકો ખાધા વિના દૈવજ્ઞ અને ભિષગ્વર જ નહીં, માંત્રિક અને તાંત્રિક હોવાનું પ્રગટ કરનાર સમંતભદ્ર એ યુગમાં થયા છે કે જ્યારે ત્યાગમાર્ગી, મહાન્ મનાતા મુનિવરો પણ, એ નિષિદ્ધ પંથે ચડી ગયેલા; અને એ સમય ઐતિહાસિક-સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં તો છઠ્ઠા સૈકાથી પૂર્વેનો હોય તેવું ભાસતું નથી. જે વસ્તુ આગમ-યુગમાં નિર્ગ્રન્થ મુનિઓ માટે લાંછનરૂપ મનાતી તે જ વસ્તુ ગૌરવપ્રદ અને ભૂષણરૂપ ગણાતી હશે તે યુગમાં સમંતભદ્ર થયા છે : અને તે સમય છઠ્ઠા-સાતમા શતક પૂર્વેનો જણાતો નથી, જે કાળે શ્વેતાંબરોમાં "ચૈત્યવાસ" અને યાપનીયો તેમ જ દિગંબરોમાં પણ "વસતિવાસ" કિંવા "મઠવાસ" પ્રવેશી ચૂકેલો.

(૪) સમંતભદ્રની કૃતિઓના પરીક્ષણ પહેલાં એક અન્ય મુદ્દો જોઈ લઈએ. દાક્ષિણાત્યાચાર્ય ઇંદ્રનંદી સ્વકૃત **શ્રુતાવતાર**(દશમી શતાબ્દી અંતભાગ)માં જણાવે છે કે આચાર્ય ધરસેનના (વિદ્યા) શિષ્યો પુષ્પદંત-ભૂતબલિ રચિત **ષટ્ખણ્ડાગમ** પર ક્રમશઃ કુંદકુંદાચાર્ય **(પરિકર્મ-ટીકા)**, શામકુંડ, તુંબલૂરાચાર્ય **(ચૂડામણિ-ટીકા)**, સ્વામી સમંતભદ્ર **(જીવઠ્ઠાણ)**, અને સ્વામી વીરસેને **(ધવલા)** વૃત્તિઓ રચી છે. ધરસેનનો સમય ઈસ્વીસન્‌ની પાંચમી શતાબ્દીના ઉત્તરાર્ધથી વહેલો જાય તેમ નથી[૫૬]. ટીકાઓનો સમય મૂળ કૃતિ બાદનો જ સંભવે; એથી કુંદકુંદાચાર્યે જો પરિકર્મ-ટીકા રચી હોય તો તે પ્રમાણ, અને અન્ય પ્રમાણોના આધારે તેમનો સમય પણ સમંતભદ્રના સમયની જેમ ઈસ્વીસન્‌ના છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધથી ભાગ્યે જ પૂર્વેનો હોઈ શકે[૫૭]. તુંબલૂરાચાર્ય અને શામકુંડાચાર્યની ટીકાઓ કન્નડ ભાષામાં હોવાનું ઇંદ્રનંદી કહે છે. શિષ્ટ કન્નડ ભાષાના અસ્તિત્વનું ઈસ્વીસન્‌ની પાંચમી શતાબ્દી પૂર્વેનું કોઈ જ પ્રમાણ નથી. કન્નડમાં બૃહદ્કાય અને ઊંડાણભરી ટીકાઓ ત્યારે જ રચી શકાય કે જ્યારે ભાષા ઠીક ઠીક પ્રમાણમાં વિકસી ચૂકી હોય. 'શામકુંડ' અને 'તુંબલૂર' ગામનાં નામ છે; અને ગામના નામ પરથી વ્યક્તિનાં ઓળખ-અભિધાન થતાં હોવાની દાક્ષિણ્યાત્ય પ્રથાનું પ્રમાણ ઈસ્વીસન્‌ની સાતમી શતાબ્દી પૂર્વે જડતું નથી. આ બન્ને ટીકાઓ વહેલામાં વહેલી ઈસ્વીસન્‌ના છઠ્ઠા શતકના ઉત્તરાર્ધથી લઈ સાતમા શતકના પૂર્વાર્ધ પૂર્વેની હોવાનું કલ્પી શકાતું નથી. સમંતભદ્રની ટીકા ઇંદ્રનંદી ક્રમમાં ઉપર્યુક્ત બે કન્નડાચાર્યો પછી મૂકતા હોઈ, સમંતભદ્ર ઈસ્વીસન્‌ના છઠ્ઠા-સાતમા શતક પૂર્વે થઈ ગયા હોવાનું દાક્ષિણ્યાત્ય ઐતિહાસિક સાધનોથી જ અસિદ્ધ ઠરે છે. (જો કે સમંતભદ્રની માનવામાં આવતી આ અનુપલબ્ધ ટીકા ખરેખર રચાઈ હોવાનું મને તો શંકાસ્પદ લાગે છે[૫૮].)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) બહાદુર-ઈ-ઝમાન મુખ્તાર સાહબ મરહૂમ—મોટે ભાગે તો મધ્યકાલીન કથાનકોના આધારે—સમંતભદ્ર દ્રાવિડ સંઘના હોવાનું કહે છે[૫૯]. દેવસેનના **દર્શનસાર** (વિ૰ સં૰ ૯૯૦ / ઈ૰ સ૰ ૯૩૪)[૬૦] અનુસાર પ્રસ્તુત સંઘ પૂજ્યપાદ દેવનંદીના શિષ્ય વજ્રનંદીએ સ્થાપેલો. જો આમ જ હોય તો સમંતભદ્ર સાતમી શતાબ્દી પહેલાના આચાર્ય હોઈ જ ન શકે : પણ દેવનંદીએ સમંતભદ્રના એક લક્ષણ-પ્રયોગનો ઉલ્લેખ કર્યો હોઈ સમંતભદ્ર એમનાથી થોડા વહેલા થઈ ગયા હોવા ઘટે[૬૧]. આથી સમંતભદ્ર "દ્રાવિડસંઘમાં થઈ ગયા" વાળી આ વાત માનવા યોગ્ય જણાતી નથી. (સાચી હોય તો તો મુખ્તાર સાહબની સમંતભદ્રના સમય સંબદ્ધ મૂળ સ્થાપનાથી તે પૂર્ણપણે વિરુદ્ધ જાય છે, જેનો તેમને બિલકુલેય ખ્યાલ નથી રહ્યો ! )

(૬) **સ્તુતિવિદ્યા** અંતર્ગત સમંતભદ્રે જિન ઋષભની સ્તુતિ કરતાં તેમના અષ્ટ મહાપ્રતિહાર્યો—ભામંડલ, સિંહાસન, અશોકવૃક્ષ, કુસુમવૃષ્ટિ, દિવ્યધ્વનિ, છત્ર, ચામર અને દુંદભિનાદ—નો ઉલ્લેખ કર્યો છે : યથા :

**नतपीलासनाशोक सुमनोवर्षभासितः**
**भामण्डलासनाऽशोकसुमनोवर्षभाषितः ।**
**दिव्यै र्ध्वनिसितच्छत्रचामरैर्दुन्दुभिस्वनैः**
**दिव्यैर्विनिर्मितस्तोत्रश्रमदर्दुरिभिर्जनैः ॥**

તીર્થંકરોના ૩૪ અતિશયોનો વિભાવ તો કુષાણકાલ દરમિયાન આવી ચૂકેલો; પણ અષ્ટ મહાપ્રાતિહાર્યોની કલ્પના આગમોમાં દેખાતી નથી. એ સૌ પ્રથમ તો કથા-સાહિત્યમાં, નાગેંદ્રકુલના વિમલસૂરિના **પઉમચરિય** (આ૰ ઈ૰ સ૰ ૪૭૩)માં મળે છે[૬૨]. (દેવકૃત દિવ્ય-ભવ્ય સમવસરણની પણ સૌ પહેલી કલ્પના પ્રસ્તુત ગ્રંથમાં જ મળે છે.) પ્રાચીન જિન પ્રતિમાઓમાં જોવા જઈએ તો કુષાણ કાળમાં સિંહાસન (ધર્મચક્ર સમેત), ભામંડલ (યા ક્યારેક ચૈત્યવૃક્ષ), ચામરધરયુગ્મ, દુંદભિનાદ, માલધર-વિદ્યાધર (સુર-પુષ્પ-વૃષ્ટિ ? ), ખેચરી વાદ્યવૃંદ, કે ક્યારેક છત્ર જેવા એકાદ અન્ય પ્રાતિહાર્યથી વિશેષ જોવા મળતું નથી. અષ્ટમહાપ્રાતિહાર્યોને ઉલ્લેખતા દાક્ષિણાત્ય નિર્ગ્રન્થ પરંપરાના પ્રાચીનતમ **તિલોયપણ્ણત્તી** સરખા ગ્રંથો ઈસ્વીસન્‌ના છઠ્ઠા શતકથી પૂર્વેના નથી. સમંતભદ્રાચાર્યે આઠ પ્રાતિહાર્યોનો ઉલ્લેખ કર્યો છે તે પરિપ્રેક્ષ્યના પ્રકાશમાં સમંતભદ્ર છઠ્ઠા શતક પૂર્વેના હોય તેવી પ્રતીતિ થતી નથી.

(૭) આચાર્ય સમંતભદ્રે એમની સ્તુતિઓમાં તીર્થંકરને ઉદ્દેશીને કરેલાં વિવિધ પ્રકારનાં ઉદ્‌બોધનો મળે છે તેમાં નાથ, મહામુનિ, ઋષિ, જિન, વીતરાગ, ઇત્યાદિ તો પ્રાચીન-મધ્યકાલીન નિર્ગ્રન્થ સ્તોત્રોમાં (તેમ જ કેટલાક કિસ્સાઓમાં ઉત્તરની પરંપરાના આગમોમાં પણ) દેખા દે છે; પણ સાથે જ કેટલાંયે અભૂતપૂર્વ, ચિત્રવિચિત્ર, અને કૃત્રિમ રીતે ઘડી કાઢેલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શબ્દાલંકારિક-અર્થાલંકારિક ઉદ્દ્બોધનો પણ કરેલાં છે; જેમ કે, **स्तुतिविद्या**[૧૭]માં अनुनत, अनामनमनः, उशनम्र, दावितयातन, नतपाल, नतयात, नतपीलासन, नतामित, नानानन्तनुतान्त, नानानूनाननानना, नानितनुते, नुतीतेन, नुनयाश्रित, नुन्नान्त, नुन्नानृतः; ततोततः; ततामितमते, तानितनुते, तान्तिततितिनुत, अभितात, तीतिततीतितः, सन्नजर, रजोनाशन् ઇત્યાદિ. આ અશ્રુતપૂર્વ અને જીભનાં લોચાં વળે તેવાં ઉદ્દ્બોધનો સમંતભદ્રને અતિ પ્રાચીન આચાર્ય ઠરાવવાને બદલે બહુ બહુ તો પ્રાક્‌મધ્યકાલીન પરિસરમાં જ મૂકવા પ્રેરાય છે !

(૮) સમંતભદ્રાચાર્યની લલિતસુંદર પદ્યો ધરાવતી સ્તુતિ-કૃતિ કોઈ હોય તો તે છે **સ્વયંભૂસ્તોત્ર** (જુઓ परिशिष्ट 'अ'). તેમાં બાવીસેક જેટલાં વિવિધ વૃત્તોનો પ્રયોગ થયો છે, જેમાંનાં ઘણાંખરાં કાલિદાસ, સિદ્ધસેનાદિ ગુપ્તકાલીન કવિઓની રચનાઓમાં પણ મળે છે. કેટલાંક સારાં પદ્યો એમના **યુક્ત્યનુશાસન**માં પણ મળી આવે છે. (परिशिष्ट 'अ'). પરંતુ તેમની એક બાજુથી પૂર્ણતયા તર્કોજ્જ્વલ અને બીજી તરફથી નખશીખ અલંકૃત અને ક્લિષ્ટ કૃતિ તો છે ઉપરકથિત **સ્તુતિવિદ્યા.** એમાં તેમણે અનેક અટપટા, યમકોથી તેમ જ ચિત્રબદ્ધ એવં કઠિન કાવ્યયુક્તિઓથી નિબદ્ધ ચિત્રકાવ્ય રૂપેણ પદ્યોનો સમાવેશ કર્યો છે. આ અત્યંત આલંકારિક વૃત્તોની સૂચિ નીચે મુજબ છે.

**द्व्यक्षर शार्दूलविक्रीडित**

अर्ध्धभ्रम

अर्ध्धभ्रमगूढपश्चार्ध्ध

अर्ध्धभ्रमगूढद्वितीयपाद

अर्ध्धभ्रमनिरोष्ट्यगूढचतुष्पाद

गूढद्वितीयचतुर्थान्यतरपादोऽर्धभ्रम

गूढद्वितीयपादसर्वतोभद्रगतत्यानुगतऽर्धभ्रम

**चक्रवृत्त**

कविकाव्यनामगर्भचक्रवृत्त

इष्टपादवलयप्रथमचतुर्थसप्तमवलयैकाक्षरचक्रवृत्त

गतप्रत्याध्र्धभाग

गतप्रत्यगताध्र्ध

**श्लोकयमक**

निरोष्ट्यश्लोकयमक

युग्मकयमक

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

समुद्गकयमक
अक्षरद्धयविरचितसमुद्गकयमक
सर्वपादमध्ययमक
सर्वपादान्तयमक
द्व्यक्षरपादाभ्यासयमक
पादाभ्यास सर्वपादान्तयमक
साधिकपादाभ्यासयमक

**द्व्यक्षरश्लोक**

चक्रश्लोक
गूढस्वेष्टपादचक्रश्लोक
गतप्रत्यागतश्लोक
गतप्रत्यागतयमकश्लोक
अनुमप्रतिलोमश्लोक
अनुलोमप्रतिलोमैकश्लोक
अनुलोमप्रतिलोमसकलश्लोक
प्रथमपादोद्भूतपश्चाध्धैंकाक्षरविरचितश्लोक
एकाक्षरविरचितैकैकपादः श्लोक
गर्भेमहादिशिचैकाक्षरचक्रश्लोक
गर्भेमहादिशिचैकाक्षरश्चतुरक्षरचक्रश्लोक
गतप्रत्यागतपादभ्यासयमकाक्षरद्धयविरचित श्लोक
गतप्रत्यागतपादयमकाक्षरद्धयविरचितसन्निवेशविशेष–
समुद्गतानुलोमप्रतिलोमश्लोकयुगलश्लोक

**चित्रालंकारः**

मुरजबन्ध
इष्टपादमुरजबन्ध
अन्तरमुरजबन्ध
गुप्तक्रियोमुरजबन्ध
यथेष्टैकाक्षरान्तरितमुरजबन्ध
निरौष्ट्ययथेष्टैकाक्षरान्तरितमुरजबन्ध
मुरजबन्धः श्लोकयमकालंकार

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मुरजबन्धयुक्तगोमूत्रिकाबन्ध

આ સિવાય તેમણે જે એકાક્ષરાદિયમકયુક્ત પદ્ય નિયોજ્યાં છે, તેને અહીં ઉટ્ટંકિત કરવાથી તેમની યથાર્થ સમયસ્થિતિનો ક્યાસ નીકળી શકશે. (જુઓ परिशिष्ट 'ब').

સંસ્કૃત કાવ્યશાસ્ત્રના વિકાસક્રમનું પૂર્ણરૂપેણ નહીં તોયે એની મુખ્ય ધારાઓની પ્રગતિનું કંઈક સ્પષ્ટ કહી શકાય તેવું ચિત્ર આપણી સામે છે, જેનો ઉપયોગ સમંતભદ્રના કાળનિર્ણયમાં નિઃશંક થઈ શકે તેમ છે. ઈસ્વીસન્‌ની બીજી શતાબ્દી અને તે પછી થયેલા બૌદ્ધ સ્તુતિકારો માતૃચેટ અને આર્યદેવ તેમ જ મહાકવિ અશ્વઘોષ, મધ્યમકકારિકાકાર નાગાર્જુન, આર્ય અસઙ્ગ, વસુબંધુ, અને દિઙ્નાગ સરખા દાર્શનિક બૌદ્ધ પદ્યકારો, તદતિરિક્ત નાટ્યકાર ભાસ, પ્રશસ્તિકાર હરિષેણ, અને કવિકુલગુરુ કાલિદાસ સરખા દિગ્ગજ વૈદિક કવિવરો, સાંખ્યસમતિકાર ઈશ્વરકૃષ્ણ, અને બીજી બાજુ પ્રશમરતિકાર વાચક ઉમાસ્વાતિ તેમ જ દ્વાત્રિંશિકાઓ રચનાર સિદ્ધસેનદિવાકરાદિ નિર્ગ્રન્થ પદ્યકારોએ સામાન્ય અલંકારોનો તો પ્રયોગ કર્યો છે; પરંતુ સમંતભદ્રે પ્રયોગમાં લીધેલા અનેકાનેક જટિલ અલંકારો, દુષ્કર યમકો અને ચિત્રબદ્ધ કાવ્યો આદિ તો પૂર્વેના સંસ્કૃત વાઙ્મયમાં ક્યાંયે શોધ્યાં જડતા નથી. થોડે અંશે આવી આલંકારિક કવિતા-પ્રવૃત્તિ તો માઘના **શિશુપાલવધ** (પ્રાયઃ ઈસ્વી ૬૭૫), દંડીના **કાવ્યાદર્શ** અંતર્ગત દીધેલાં દૃષ્ટાંતો (પ્રાયઃ ઈસ્વી ૬૨૫)માં, અને એથી પહેલાં મહાકવિ ભારવિના **કિરાતાર્જુનીય** (ઈસ્વી૰ ૫૦૦-૫૫૦) અંતર્ગત (ચિત્રાલંકાર સમેત) મળે છે. એમ જણાય છે કે ઈસ્વીસન્‌ની છઠ્ઠી-સાતમી શતાબ્દીથી આલંકારિક સંપ્રદાયનો મહિમા કવિજનોમાં સ્થપાયેલો. ગદ્યમાં પણ સુબંધુની **વાસવદત્તા** (પ્રાયઃ ઈ૰ સ૰ ૫૦૦-૫૨૫), બાણભટ્ટની **કાદંબરી** (૭મું શતક, પ્રથમ ચરણ), ઈત્યાદિમાં એ કાળે સમાંતરે એવી જ જાટિલ્યપ્રવણ એવં ચતુરાઈ-દર્શનની, શબ્દાડંબરી, પ્રલંબ સમાસબહુલ, અને ક્લિષ્ટ વાક્યરચનાઓની અતિરેકપ્રધાન બની જતી પ્રવૃત્તિ જોવા મળે છે. દક્ષિણમાં આલંકારિક મહાકવિ ભારવિની ખૂબ પ્રસિદ્ધિ હતી. ઐહોળેની રવિકીર્ત્તિની પ્રશસ્તિ (ઈ૰ સ૰ ૬૩૪)માં કવિએ કાલિદાસ સાથે ભારવિની ગિરાનું આદર્શ રૂપે સ્મરણ કર્યું છે[૬૪]. સંભવ છે કે સમંતભદ્ર સામે ભારવિનો કાવ્યાદર્શ રહ્યો હોય; એટલું જ નહીં, ભારવિથી ચાર તાંસળી ચઢી જવાનો તેમણે ઉદ્યમ કર્યો હોય તો ના નહીં ![૬૫] આટલી ભીષણ માત્રામાં, ઘોરાતિઘોર આલંકારિક પ્રક્રિયાઓનો પ્રયોગ કરનાર સમંતભદ્રને ઉલ્મી-ઈ-આઝમ મુખ્તાર સાહબ, પ્રજ્ઞામહાર્ણવ ડા૰ જ્યોતિપ્રસાદ જૈન, ન્યાયમહોદધિ પં૰ દરબારીલાલ કોઠિયા, ઈત્યાદિ વિદ્વાનો શું જોઈને ઈસ્વીસન્‌ની બીજી-ત્રીજી શતાબ્દીમાં મૂકતા હશે ! અને સિદ્ધસેન દિવાકર પર સમંતભદ્રનો પ્રભાવ છે, અસર છે, એવી જયઢક્કા પં૰ મુખ્તાર, દેવેન્દ્રકુમાર શાસ્ત્રી[૬૬], કુસુમ પટોરિયા[૬૭] આદિ દિગંબર વિદ્વાનો કયા આધારે વગાડી રહ્યા હશે ! ઉપર ચર્ચેલ તમામ મુદ્દાઓનાં સાક્ષ્ય દ્વારા સમંતભદ્રનો અસલી સમય હવે પારદર્શી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બની સામે આવી રહે છે. તેઓ નાગાર્જુન જ નહીં પરંતુ શબર, ઉમાસ્વાતિ, સિદ્ધસેનદિવાકર, ભર્તૃહરિ, વસુબંધુ, દિઙ્નાગ, તેમ જ ભારવિ પશ્ચાત્, અને ભગવજ્જિનસેન, સ્વામી વીરસેન, યાકિનીસૂનુ હરિભદ્ર, અકલંકદેવ, એવં પૂજ્યપાદ દેવનંદી પૂર્વે અને કુમારિલ ભટ્ટના સમકાલમાં થયેલા જણાય છે. એ વાત લક્ષમાં લેતાં તેમનો સમયસંપુટ ઈસ્વીસન્ ૫૫૦-૬૨૫ વચ્ચેના ગાળામાં વિના અવરોધ સીમિત થઈ શકે છે.

સમંતભદ્રના સમયસંબદ્ધ ચર્ચામાં, પરંપરામાં એમની મનાતી કૃતિ **રત્નકરંડકશ્રાવકાચાર**નું કર્તૃત્વ સંદેહાસ્પદ હોઈ છોડી દીધું છે[૬૮]. કદાચ તે એમની કૃતિ હોય તો યે શૈલીનો અને વસ્તુની દૃષ્ટિએ તો સાતમા શતકની પૂર્વેની હોવાનું ભાસતું નથી. બીજી એક વાત એ છે કે ઈસ્વીસન્‌ના ૧૫મા શતકથી મળતી શ્વેતાંબર પટ્ટાવલીઓમાં, વિશેષે તો તપાગચ્છીય અંતર્ગત ઈસ્વીસન્‌ની આરંભની સદીઓમાં 'સામંતભદ્ર' નામક વનવાસીગચ્છના આચાર્યનું નામ આવે છે; પહેલાં તો નામની જોડણી ખોટી હોવા ઉપરાંત સમંતભદ્ર શ્વેતાંબર (કે પ્રાક્શ્વેતાંબર) પરંપરામાં થયા જ નથી; વનવાસી નામક કોઈ જ "ગચ્છ" પૂર્વકાળે થયો હોવાનું પ્રાચીન પ્રમાણ ઉપલબ્ધ નથી, અને ત્યાં દીધેલો સમય પણ બિલકુલ ખોટો છે. એ ભ્રાંત મુદ્દાનો પં૰ મુખ્તારે સમંતભદ્રને ખૂબ પ્રાચીન ઠરાવી દેવાની લાલચમાં તેમના કાળનિર્ણયમાં ઉપયોગ કર્યો છે[૬૯] જે આયાસ અર્થહીન અને અશોભનીય ઠરે છે. આમ સર્વ જ્ઞાત સ્થાનકોણોથી પરીક્ષા કર્યા પછી લાગે છે કે સમંતભદ્રને ઈસ્વીસન્‌ની બીજી શતાબ્દીમાં મૂકવાના પ્રયાસ પાછળ કોઈ ખાસ કારણસર ધારણ કરેલ, સંભવતયા સંપ્રદાયનિષ્ઠાથી ઉદ્ભવેલ, હઠાગ્રહ-કદાગ્રહ-દુરાગ્રહ જ હોવાનું સ્પષ્ટ બની જાય છે. સમંતભદ્ર માની લીધેલા કાળથી વાસ્તવમાં ત્રણ-ચાર સદી મોડી થયાની હકીકતથી એમની મહત્તાને કોઈ જ આંચ આવતી નથી, આવી શકતી નથી !

**ટિપ્પણો :**

૧. 'સિદ્ધસેન દિવાકર' અતિરિક્ત સિદ્ધસેન અભિધાનધારી અનેક આચાર્યો, મુનિઓ થઈ ગયા છે; જેમ કે, વાચક સિદ્ધસેન (પ્રાયઃ ઈસ્વી ૫મી-૬ઠ્ઠી સદી), સિદ્ધસેન ક્ષમાશ્રમણ (મોટે ભાગે જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણના શિષ્ય; પ્રાયઃ ઈસ્વી ૫૭૫-૬૨૫), પુન્નાટસંઘ(યાપનીય વા દિગંબર)માં થઈ ગયેલા અને હરિવંશપુરાણકાર જિનસેનના એક પૂર્વજ (ઈસ્વી ૭મી શતાબ્દી), તત્ત્વાર્થાધિગમસૂત્ર-બૃહદ્વૃત્તિકાર ગંધહસ્તિ સિદ્ધસેન (જીવનકાળ પ્રાયઃ ઈસ્વી ૭૦૦-૭૮૦), સિદ્ધસેન-સિદ્ધર્ષિ (પ્રાયઃ ઈસ્વી ૯૭૫-૯૧૮ યા ૯૧૨); અને કેટલાક મધ્યકાળમાં જુદા જુદા શ્વેતાંબર ગચ્છોમાં થઈ ગયેલા પ્રસ્તુત નામ ધરાવનાર ત્રણેક સિદ્ધસેનો આદિ.

૨. કેમકે તેઓ વિક્રમાદિત્યના સમકાલીન હોવાનું મધ્યકાલીન ચરિત-પ્રબંધાદિ સાહિત્યમાં કહ્યું છે, એટલે કે સંપ્રદાયમાં તથા કોઈ કોઈ જૈનેતર વિદ્વાન્ તેમને વિક્રમ-સંવત્સરના પ્રવર્તક મનાતા, કથાઓમાં પ્રસિદ્ધ વીરવિક્રમ સાથે જોડી તેમને ઈસ્વીસન્ પૂર્વે પ્રથમ શતાબ્દીમાં મૂકે છે; પરંતુ અન્ય અનેક સાક્ષ્યોના આધારે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંદર્ભગત વિક્રમાદિત્ય તે ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય (ઈ૰ સ૰ ૩૭૭-૪૧૪) હોવાનો મોટો સંભવ હોઈ તેમનો સમય ઈસ્વી પંચમ શતકનો પૂર્વાર્ધ માનવો વધારે ઇષ્ટ છે. (કેટલાક દિગંબર જૈન વિદ્વાનો તેમને છઠ્ઠા શતકમાં મૂકે છે.) આ સમસ્યા અનુષંગે વિશેષ ઊહાપોહ મારા તથા શ્રી જિતેન્દ્ર શાહ દ્વારા સંપાદિત **શ્રી બૃહદ્ નિર્ગ્રન્થ સ્તુતિમણિમંજૂષા** નામક સમુચ્ચય ગ્રંથની વિસ્તૃત પ્રસ્તાવનામાં આવનાર હોઈ અહીં વિશેષ કહીશ નહીં.

૩. આ મુદ્દા પર અહીં આગળ ઉપર સંદર્ભો ટાંકીને ચર્ચા થનાર છે.

૪. આવો તર્ક મરહૂમ મુખ્તાર સાહેબે ક્યાંક કરેલો એવું આછું સ્મરણ છે.

૫. પશ્ચાત્કાલીન શ્વેતાંબર પટ્ટાવલીઓમાં એક "સામંતભદ્ર" નામના (ઈસ્વીસન્‌ની આરંભની સદીઓમાં) વનવાસી-ગચ્છના આચાર્યનો ઉલ્લેખ આવે છે, જે કર્ત્તાઓનો ભ્રમ માત્ર છે. વનવાસી-ગચ્છનો ક્યાંયથીયે પત્તો નથી; 'ગચ્છ' શબ્દ પણ સાતમા-આઠમા શતક પૂર્વે મળતો નથી. ઈસ્વીસન્‌ના આઠમા શતકથી શ્વેતાંબર સંપ્રદાય મહાન્ દિગંબર દાર્શનિક સમંતભદ્રની **આપ્તમીમાંસા** તથા **બૃહદ્સ્વયંભૂસ્તોત્ર** સરખી બે'એક રચનાથી પરિચિત હતો અને તેમની અપ્રતિમ પ્રતિભા તથા મહત્તાને નજરમાં રાખી તેમને સ્વયુથ્ય ઘટાવી, પોતાના સંપ્રદાયની ગુરુપરંપરામાં તેમને ગોઠવી દીધાનો આયાસ સ્પષ્ટ રૂપે જણાઈ આવે છે. પરંતુ દિગંબર સંપ્રદાયમાં તેઓ થઈ ગયા હોવાના ઘણાં પ્રમાણો ઉપસ્થિત છે. જૈનેતર વિદ્વાનો પણ એ જ હકીકતનો સ્વીકાર કરતા આવ્યા છે.

૬. સં૰ જુગલકિશોર મુખ્તાર, વીરસેવામંદિર-ગ્રંથમાલા, ગ્રંથાંક ૭, સરસાવા ૧૯૫૧.

૭. સં૰ જુગલકિશોર મુખ્તાર 'યુગવીર', વીરસેવામંદિર-ગ્રંથમાલા, ગ્રંથાંક ૬, સરસાવા ૧૯૫૦.

૮. સં૰ જુગલકિશોર મુખ્તાર 'યુગવીર' વીરસેવામંદિર-ગ્રંથમાલા, ગ્રંથાંક ૫૧, સરસાવા ૧૯૧૦.

૯. સં૰ જુગલકિશોર મુખ્તાર 'યુગવીર' વીરસેવામંદિર-ગ્રંથમાલા, દ્વિતીય સંસ્કરણ, વારાણસી ૧૯૭૮.

૧૦. આ ગ્રંથોનો દર્શનશાસ્ત્રના વર્તમાન જૈન-જૈનેતર વિદ્વાનો ઉપયોગ પણ કરે છે.

૧૧. ખાસ કરીને **સ્તુતિવિદ્યા,** જેમાં તેમણે અનેક પ્રકારના યમકો, ચિત્રબદ્ધ કાવ્યોનો ઉપયોગ કર્યો છે ત્યાં તો અર્થઘટન ટીકાની મદદ વગર પ્રાયઃ અસંભવિત છે.

૧૨. ખાસ કરીને સાહિત્યિક સાધનોમાં—જે થોડાં ઘણાં છે તે સૌ પાછલા યુગનાં છે—તેમાં આ સંબંધમાં કોઈ જ નોંધ પ્રાપ્ત થતી નથી.

૧૩. તેમના પરિવારની—જો તે હશે તો—કોઈ ગુર્વાવલી પ્રાપ્ત નથી થઈ.

૧૪. તેઓ કેરળમાં થઈ ગયેલા એવો પણ એક તર્ક છે, અને બીજો તર્ક તેઓ ચોલમંડલમાં થયા હતા તે પ્રકારે છે. બેમાંથી એક પણ સાચો હોય તો એ પ્રદેશોમાં તો જૈન અભિલેખો જ અત્યલ્પ પ્રમાણમાં પ્રાપ્ત થયા છે. કર્ણાટકમાં થઈ ગયા હોત તો એમના વિશે જૂના સમયની કંઈક માહિતી મળવાની સંભવિતતા રહેત; પણ એ વાત તો તેઓ મઠવાસી હતા કે સંવિગ્નવિહારી તે પર નિર્ભર રહે.

૧૫. भद्रं **समन्तभद्रस्य पूज्यपादस्य सन्मतैः ।**
**अकलंक** गुरोर्भूयात् शासनाय जिनेशिनः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(Compiler Pt. Vijayamurti, *Jaina Śilālekha Saṅgraha,* Vol. 2, *MDIG* No. 45, p. 263, Ins. No. 207.)

૧૬. કર્ણાટકના મધ્યકાલીન અભિલેખોમાં મળી આવતી જુદા જુદા ગચ્છોની ગુર્વાવલીમાં પૂર્વે થઈ ગયેલા આચાર્યોની જે યાદીઓ જોવા મળે છે તે સૌ કૃત્રિમ છે, તેમાં તો દિગંબર સંપ્રદાયમાં થઈ ગયેલા મનાતા જૂના ઘણાખરા ખ્યાતનામ આચાર્યો—ભદ્રબાહુ, કુંદકુંદાચાર્ય, ઉમાસ્વાતિ, દેવનંદી, અકલંકદેવ વગેરે—ને ક્રમના કોઈ ઠેકાણા સિવાય સૂચિત કરી દેવામાં આવે છે.

૧૭. જુઓ "On the Date of Samantabhadra," *Annals of the Bhandarkar Oriental Research Institute,* Vol. XI, (1930-31) pp. 49-54. એના પ્રત્યુત્તર માટે જુઓ એ જ શોધસામયિકમાં Pandit Jugalkishore Mukhtar, "Samantbhadra's Date and Dr. Pathak," *ABORI,* Vol. XV, 1933-34, pp. 67-88.

૧૮. આ વિગત માટે જુઓ, ''समन्तभद्र का संक्षिप्त परिचय,'' મુખ્તાર, **स्व० स्तो०**, ૧૯૬૧, પૃ૦ ૮૩-૧૦૬.

૧૯. **आदिपुराण**, પ્રથમ ભાગ, ભારતીય જ્ઞાનપીઠ મૂર્તિદેવી જૈન ગ્રંથમાલા સંસ્કૃત ગ્રંથાંક-૮, સં પન્નાલાલ જૈન, કાશી ૧૯૬૩, પૃ૦ ૧૦.૧.૪૩.

नमः **समन्तभद्राय** महते कविवेधसे ।
यद्वचोवज्रपातेन निर्भिन्नाः कुमतादयः ॥४३॥

૨૦. સં૦ પન્નાલાલ, જ્ઞા૦ મૂ૦ જૈ૦ ગ્ર૦ : સં૦ ગ્ર૦ ૨૭, ત્રીજું સંસ્કરણ, દિલ્લી ૧૯૯૪, પૃ૦ ૩. ૧.૩. પદ્ય આ પ્રમાણે છે :

**जीवसिद्धिविधायीह** कृत**युक्त्यनुशासनम्** ।
वचः **समन्तभद्रस्य** वीरस्येव विजृम्भते ॥२९॥

૨૧. *Ed.* H. R. Kapadia, *Anekāntajayapatākā by Haribhadra Sūri,* Vol. 1, G.O.S. No. LXXX VIII, p. 375.

૨૨. બાકી રહેલાં ટિપ્પણો પૂરાં કરતે સમયે અમદાવાદનાં પુસ્તકાલયોમાંથી આ ગ્રંથ પ્રાપ્ત ન થતાં અહીં એની વિગતો જણાવી શક્યો નથી.

૨૩. જુઓ પં૦ મહેન્દ્રકુમાર જૈન, *Siddhiviniśchayaṭikā of Shri Anantaviryāchārya, J.M.J.G.* : S.G. No. 22, "Introduction," (f) The Age of Akalaṅka,' pp. 53-62.

૨૪. ચર્ચા માટે જુઓ M. A. Dhaky, "The Jaina "Jinendrabuddhi" and Incidental Questions," *Indian history and Epigraphy* (Dr. G. S. Gai Felicitation Volume), *Eds.* K. V. Ramesh *et al,* Delhi 1990, pp. 152-158.

૨૫. એજન.

૨૬. એજન.

૨૭. ''धर्मकीर्ति और समन्तभद्र'', **जैन दर्शन और प्रमाणशास्त्र परिशीलन**, યુગવીર-સમંતભદ્ર ગ્રંથમાલા -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથાંક ૧૫, દરબારી લાલ કોઠિયા, સંપા૦ ગોકુલચંદ્ર જૈન, વારાણસી ૧૯૮૦, પૃ૦ ૧૨૫.

૨૮. "कुमारिल और समन्तभद्र" **जै० द० प्र० प०**, પૃ૦ ૧૧૯.

૨૯. કુમારિલની કૃતિઓનો સમય હવે ઈસ્વી ૫૭૫-૬૦૦ના અરસાનો હોવાનું અંદાજવામાં આવ્યું છે, જે મિતિ સામાન્યતઃ સ્વીકારવામાં આવે છે.

૩૦. જુઓ એમની નોંધ "समन्तभद्र का समय," **अनेकान्त** ૧૪/૧૧-૧૨, જુલાઈ ૧૯૫૭, પૃ૦ ૩૨૪-૩૨૭, તથા એ જ અંકમાં એના પરનું મુખ્તારનું "સંપાદકીય"માં અવલોકન, પૃ૦ ૩૨૭-૩૨૯.

૩૧. જૈન વિદ્વાનોના લેખનોમાં સંદર્ભો સંબંધમાં ઘણી જ અધુરાશ-કચાશ પ્રાયઃ હંમેશાં જોવામાં આવે છે.

૩૨. જ્યોતિપ્રસાદ, એજન.

૩૩. આ સંબંધમાં કોઈ પ્રાચીન હસ્તપ્રત રજૂ કરવામાં આવી નથી.

૩૪. જુઓ એમનો લેખ "नागार्जुन और समन्तभद्र," **जै०, द० प्र० प**, પૃ૦ ૧૦૭-૧૧૧.

૩૫. દિઙ્નાગ(પ્રાયઃ ઈસ્વી ૪૮૦-૫૬૦)નાં પ્રમેયોથી સમંતભદ્ર પરિચિત હતા જે વિશે આગળ ઉપર ચર્ચા થશે.

૩૬. જુઓ કૈલાશચંદ્ર શાસ્ત્રી, **जैन न्याय**, જ્ઞા૦ મૂ૦ જૈ૦ ગ્ર૦ : હિં૦ ગ્ર૦ ૧૦. વારાણસી ૧૯૬૬, "પુષ્પભૂમિ," પૃ૦ ૮, ૯. આવી મતલબનું એમણે અન્યત્રે પણ કહ્યું છે. જુઓ એમનું "પ્રાક્કથન," **आप्तमीमांसा की तत्त्वदीपिका**, લે૦ તથા સં૦ ઉદયચંદ્ર જૈન, ગ૦ વ૦ દિ૦ જૈ૦ સં૦ ગ્ર૦ ૧, વી૦ નિ૦ ૨૫૦૧ (ઈસ્વી ૧૯૭૪), પૃ૦ ૧૪,૧૫.

૩૭. ચર્ચા માટે જુઓ પાઠકનો અહીં ટિપ્પણ ૧૭માં ઉલ્લિખિત લેખ.

૩૮. એજન. ભર્તૃહરિનો સમય અગાઉ ગણાતો તેમ સાતમા શતકનો હવે ન મનાતાં એથી બે'એક સદી પૂર્વનો સિદ્ધ થયો છે. અહીં વિગતો આપવી અસ્થાને છે.

૩૯. જુઓ એમનો લેખ "दिग्नाग और समन्तभद्र," **जै० द० प्र० प०**, પૃ૦ ૧૧૨-૧૧૮.

૪૦. **દ્વાદશારનયચક્ર**, પ્રથમ ભાગ, શ્રી આત્માનંદ જૈન ગ્રન્થરત્નમાલા, ગ્રંથાંક ૯૨, દ્વિતીય સંસ્કરણ, ભાવનગર ૧૯૯૬, સંસ્કૃત પ્રાક્કથન, પૃ૦ ૧૭, પાદટીપ ૧.

૪૧. **देवागम अपरनाम आप्तमीमांसा**, જુગલ કિશોર મુખ્તાર, વારાણસી ૧૯૭૮, પૃ૦ ૧૬.

૪૨. મને સ્મરણ છે કે તેમનું આ મંતવ્ય એમના 'જૈન ઈતિહાસ પર વિશદ પ્રકાશ' નામક પુસ્તકમાં રજૂ કરેલું છે પરંતુ હાલ આ પુસ્તક મારી સમક્ષ નથી તેથી વિગત આપી શક્યો નથી.

૪૩. આવું અર્થઘટન મોહનલાલ દલીચંદ દેશાઈએ કર્યું છે. જુઓ એમનો **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ**, મુંબઈ ૧૯૩૨, પૃ૦ ૮૯-૯૦, કંડિકા ૧૩૮.

૪૪. વિગત માટે જુઓ. **સન્મતિ પ્રકરણ**, પૂંજાભાઈ જૈન ગ્રંથમાલા-૬, સં૦ અ૦ સુખલાલ સંઘવી, અ૦ બેચરદાસ દોશી, અમદાવાદ પ્રથમ આવૃત્તિ, ઈ૦ સ૦ ૧૯૩૨, પૃ૦ ૧૭૯-૮૦.

૪૫. "Samantabhadra's following statement of the respective spheres of application of scriptural evidence and inference.

**નિ૦ ઐ૦ ભા૦ ૧-૭**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वक्तर्यनाप्ते यद्धेतोः साध्यं तद्धेतु-साधितम् ।
आप्ते वक्तरि तद्वाक्यात्साध्यमागम-साधितम् ॥

—**आप्तमीमांसा** ७८

is a definite advancement on the following verse of Siddhasena Divākara on the same subject—

जो हेउवायपक्खम्मि हेउओ आगमे य आगमिओ ।
सो ससमयपण्णवओ सिद्धंतविराहओ अण्णो ॥

—**सन्मतिप्रकरण** III ४५

Nathmal Tatiya, "A compendium of Vidhyānananda's Satyāśāsana-parikṣā," in *Ācāryrya Vidyānanditkṛta Satyaśāsena-parīkṣā*, BJMJQ, (*Ed.* Gokulachandra Jain, p. 12. (While quoting, I have re-rendered the Sanskrit and Prakrit verses in Nāgarī from the printed Roman version.)

૪૬. **दे० अ० आ० मी०**, પૃ૦ ૧૭ પદ્ય૦ ૧૩, પૃ૦ ૪૯ પદ્ય૦ ૫૫, પૃ૦ ૬૩ પદ્ય૦ ૭૦, પૃ૦ ૬૮ પદ્ય૦ ૭૪, પૃ૦ ૭૦ પદ્ય૦ ૭૭, પૃ૦ ૭૫ પદ્ય૦ ૮૨, પૃ૦ ૮૪ પદ્ય૦ ૯૦, પૃ૦ ૯૦ પદ્ય૦ ૯૪, પૃ૦ ૯૪ પદ્ય૦ ૯૭, પૃ૦ ૯૬ પદ્ય૦ ૧૦૧, પૃ૦ ૯૭ પદ્ય૦ ૧૦૩, પૃ૦ ૯૯ પદ્ય૦ ૧૦૬.

૪૭. એજન, પૃ૦ ૪, હકીકતમાં ૧૪થી ૨૩ કારિકાઓમાં સપ્તભઙ્ગાત્મકનયની ચર્ચા કરી છે.

૪૮. *Nyāyāvatāra*, Ed. A. N. Upadhye, Jaina Sāhitya Vikās Maṇḍala, Bombay 1971, 'सम्मइसुत्तं', p. 187, 3.69.

૪૯. **स्व० स्तो०**, 'समन्तभद्र-परिचय' p. 89.

૫૦. એજન, ૧૦૨.

૫૧. એજન.

૫૨. એજન.

૫૩. એજન, પૃ૦ ૯૪.

૫૪. એજન, પૃ૦ ૧૦૩.

૫૫. **दसवेयालियसुत्तं**, જૈન આગમ-ગ્રંથમાલા, ગ્રંથાંક-૧૫, સંપા૦ પુણ્યવિજય મુનિ, મુંબઈ ઈ૦ સ૦ ૧૯૭૭, પૃ૦ ૬૦.

૫૬. મેં આ બધી ચર્ચાઓ મારા અદ્યાવધિ અપ્રકાશિત અંગ્રેજી લેખ 'The date of Ṣaṭkhaṇḍāgam'માં ચર્ચા કરી છે.

૫૭. જુઓ, મારો લેખ 'The Date of Kundakundācārya', Aspects of Jainology - Vol III Pt. Dalsukhbhai Malvania - Felicitation Vol-1, *Eds.* M. A. Dhaky, Sagarmal Jain, Varanasi. 1991, p. 187 to 206.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૫૮. કદાચ આ કોઈ અન્ય સમંતભદ્ર હોય.

૫૯. એમણે જ્યાં આ લખ્યું છે તે મૂળ ગ્રંથ મને અત્યારે ઉપલબ્ધ નથી.

૬૦. सिरिपुज्जपादसीसो दाविड संघस्स कारगो दुट्ठो ।
णामेण वज्जणंदी पाहुड वेदी महासत्तो

—**दर्शनसार**, २४

**दर्शनसार**, સંપા૦ નાથૂરામ પ્રેમી, મુંબઈ, વિ૦ સં૰ ૧૯૭૪ (ઈ૦ સ૦ ૧૯૧૭), પૃ૦ ૧૨.

૬૧. વિગત માટે જુઓ મારો લેખ - "The Jaina JinendraBuddhi"., Delhi 1990.

૬૨. આ અંગેની વિશેષ ચર્ચા માટે અને મૂળ સંદર્ભો માટે જુઓ, જિતેન્દ્ર બી૦ શાહ, મધુસૂદન ઢાંકી, "**मानतुंगाचार्य और उनके स्तोत्र,**" દ્વિતીય આવૃત્તિ અમદાવાદ ઈ૦ સ૦ ૧૯૯૯.

૬૩. જુઓ **स्तु० वि०** અંતર્ગત.

૬૪. "स विजयता **रविकीर्तिः** कविताश्रित **कालिदास भारवि** कीर्तिः," **जैन शिलालेख संग्रह,** ભા૦ ૨, માણિકચન્દ્ર-દિગંબર જૈન ગ્રંથમાલા, પુષ્પ ૪૫ સં૦ પં૦ વિજયમૂર્તિ, મુંબઈ ૧૯૫૨, લેખાંક ૧૦૮, પૃ૦ ૯૮.

૬૫. ભારવિના **કિરાતાર્જુનીય** મહાકાવ્ય અને સમંતભદ્રની **સ્તુતિવિદ્યા**ને સરખાવતા આ વાત તદ્દન સ્પષ્ટ બની જાય છે.

૬૬. એમનો ગ્રંથ હાલ મારી પાસે આ ટાંકણે ઉપલબ્ધ નથી.

૬૭. વિગત અને ચર્ચા માટે જુઓ કુસુમ પટોરીયા, "सिद्धसेन और उनका सन्मतिसूत्र", **यापनीय और उनका साहित्य,** વારાણસી ૧૯૮૮, પૃ૦ ૧૩૯-૧૪૬.

૬૮. આ અંગે અગાઉ ચર્ચા પં૦ હીરાલાલ જૈન, પં૦ નાથૂરામ પ્રેમી આદિ દિગંબર વિદ્વાનો કરી ગયા છે જેની વિગતોમાં નહિ ઊતરીએ.

૬૯. વિગત માટે જુઓ **અનેકાંત,** વર્ષ ૧૪, કિરણ ૧૧-૧૨, ઈ૦ સ૦ ૧૯૫૭ "સંપાદકીય નોંધ," જુગલકિશોર મુખ્તાર, પૃ૦ ૩૨૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## परिशिष्ट 'अ'

(उपजाति)

पद्मप्रभः पद्म-पलाश-लेश्यः
पद्मालयाऽऽलिङ्गितचारुमूर्तिः ।
बभौ भवान् भव्य-पयोरुहाणां
पद्माकराणामिव पद्मबन्धुः ॥२६॥

बभार पद्मां च सरस्वतीं च
भवान् पुरस्तात्प्रतिमुक्तिलक्ष्म्याः ।
सरस्वतीमेव समग्र-शोभां
सर्वज्ञ-लक्ष्मी-ज्वलितां विमुक्तः ॥२७॥

शरीर-रश्मि-प्रसरः प्रभोस्ते
बालार्क-रश्मिच्छविराऽऽलिलेप ।
नराऽमराऽऽकीर्ण-सभां प्रभा वा
शैलस्य पद्माभमणेः स्वसानुम् ॥२८॥

नभस्तलं पल्लवयन्निव त्वं
सहस्रपत्राऽम्बुज-गर्भचारैः ।
पादाऽम्बुजैः पातित-मार-दर्पो
भूमौ प्रजानां विजहर्थ भूत्यै ? ॥२९॥

चन्द्रप्रभं चन्द्र-मरीचि-गौरं
चन्द्रं द्वितीयं जगतीव कान्तम् ।
वन्देऽभिवन्द्यं महतामृषीन्द्रं
जिनं जित-स्वान्त-कषाय-बन्धम् ॥३६॥

यस्याङ्ग-लक्ष्मी-परिवेश-भिन्नं
तमस्तमोरेरिव रश्मिभिन्नम् ।
ननाश बाह्यं बहु मानसं च
ध्यान-प्रदीपाऽतिशयेन भिन्नम् ॥३७॥

(वंशस्थ)

न शीतलाश्चन्दनचन्द्ररश्मयो
न गाङ्गमम्भो न च हारयष्टयः ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यथा मुनेस्तेऽनघ ! वाक्य-रश्मयः
शमाम्बुगर्भाः शिशिरा विपश्चिताम् ॥४६॥

( रथोद्धता )

धर्म-तीर्थमनघं प्रवर्तयन्
धर्म इत्यनुमतः सतां भवान् ।
कर्म-कक्षमदहत्तपोऽग्निभिः
शर्म शाश्वतमवाप शङ्करः ॥७१॥

( उपजाति )

विधाय रक्षां परतः प्रजानां
राजा चिरं योऽप्रतिम-प्रतापः ।
व्यधात्पुरस्तात्स्वत एव शान्ति-
र्मुनिर्दया-मूर्तिरिवाऽघशान्तिम् ॥७६॥

स्वदोष-शान्त्या विहिताऽऽत्मशान्तिः
शान्तेर्विधाता शरणं गतानाम् ।
भूयाद्भव-क्लेश-भयोपशान्त्यै
शान्तिर्जिनो मे भगवान् शरण्यः ॥८०॥

( वैतालीय )

परिणत-शिखि-कण्ठ-रागया
कृत-मद-निग्रह-विग्रहाऽऽभया ।
तव जिन ! तपसः प्रसूतया
ग्रह-परिवेष-रुचेव शोभितम् ॥११२॥

शशि-रुचि-शुचि-शुक्ल-लोहितं
सुरभितरं विरजो निजं वपुः ।
तव शिवमतिविस्मयं यते !
यदपि च वाङ्मनसीयमीहितम् ॥११३॥

स्थिति-जनन-निरोध-लक्षणं
चरमचरं च जगत् प्रतिक्षणम् ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति जिन ! सकलज्ञ-लाञ्छनं
वचनमिदं वदतांवरस्य ते ॥११४॥

दुरित-मल-कलङ्कमष्टकं
निरुपम-योग-बलेन-निर्दहन् ।
अभवदभव-सौख्यवान् भवान्
भवतु ममापि भवोपशान्तये ॥११५॥

( उद्गता )

भगवानृषिः परम-योग-
दहन-हुत-कल्मषेन्धनः ।
ज्ञान-विपुल-किरणैः सकलं
प्रतिबुध्य बुद्ध-कमलायतेक्षणः ॥१२१॥

हरिवंश-केतुरनवद्य-
विनय-दम-तीर्थ-नायकः ।
शील-जलधिरभवो विभव-
स्त्वमरिष्टनेमि-जिनकुञ्जरोऽजरः ॥१२२॥

त्रिदशेन्द्र-मौलि-मणि-रत्न-
किरण-विसरोपचुम्बितम् ।
पाद-युगलममलं भवतो ।
विकसत्कुशेशय-दलाऽरुणोदरम् ॥१२३॥

नख-चन्द्र-रश्मि-कवचाऽति-
रुचिर-शिखराऽङ्गुलि-स्थलम् ।
स्वार्थ-नियत-मनसः सुधियः
प्रणमन्ति मन्त्र-मुखरा महर्षयः ॥१२४॥

द्युतिमद्रथाङ्ग-रवि-बिम्ब-
किरण-जटिलांशुमण्डलः ।
नील-जलद-जल-राशि-वपुः
सह बन्धुभिर्गरुडकेतुरीश्वरः ॥१२५॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हलभृच्च ते स्वजनभक्ति-
मुदित-हृदयौ जनेश्वरौ ।
धर्म-विनय-रसिकौ सुतरां ।
चरणाऽरविन्द-युगलं प्रणेमतुः ॥१२६॥

ककुदं भुवः खेचरयोषि-
दुषित-शिखरैरलङ्कृतः ।
मेघ-पटल-परिवीत-तट-
स्तव लक्षणानि लिखितानि वज्रिणा ॥१२७॥

वहतीति तीर्थमृषिभिश्च
सततमभिगम्यतेऽद्य च ।
प्रीति-वितत-हृदयैः परितो
भृशमूर्जयन्त इति विश्रुतोऽचलः ॥१२८॥

तमाल-नीलैः सधनुस्तडिद्गुणैः
प्रकीर्ण-भीमाऽशनि-वायु-वृष्टिभिः ।
बलाहकैर्वैरि-वशैरुपद्रुतो
महामना यो न चचाल योगतः ॥१३१॥

बृहत्फणा-मण्डल-मण्डपेन
य स्फुरत्तडित्पिङ्ग-रुचोपसर्गिणम् ।
जुगूह नागो धरणो धराधरं
विराग-संध्या-तडिदम्बुदो यथा ॥१३२॥

—बृहत्स्वयम्भूस्तोत्रम्

कीर्त्या महत्या भुवि वर्द्धमानं
त्वां वर्द्धमानं स्तुति-गोचरत्वम् ।
निनीषवः स्मो वयमद्य वीरं
विशीर्ण-दोषाऽऽशय-पाश-बन्धम् ॥१॥

भावेषु नित्येषु विकारहाने-
र्न कारक-व्यापृत-कार्य-युक्तिः ।
न बन्ध-भोगौ न च तद्विमोक्षः
समन्तदोषं मतमन्यदीयम् ॥९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न शास्तृ-शिष्यादि-विधि-व्यवस्था
विकल्पबुद्धिर्वितथाऽखिला चेत् ।
अतत्त्व-तत्त्वादि-विकल्प-मोहे
निमज्जतां वीत-विकल्प-धीः का ? ॥१७॥

रागाद्यविद्याऽनल-दीपनं च
विमोक्ष-विद्याऽमृत-शासनं च ।
न भिद्यते संवृति-वादि-वाक्यं
भवत्प्रतीपं परमार्थ-शून्यम् ॥२३॥

न रागान्नः स्तोत्रं भवति भव-पाश-च्छिदि मुनौ
न चाऽन्येषु द्वेषादपगुण-कथाऽभ्यास-खलता ।
किमु न्यायाऽन्याय-प्रकृत-गुणदोषज्ञ-मनसां
हिताऽन्वेषोपायस्तव गुण-कथा-सङ्ग-गदितः ॥६४॥

इति स्तुत्यः स्तुत्यैस्त्रिदश-मुनि-मुख्यैः प्रणिहितैः
स्तुतः शक्त्याः श्रेयः पदमधिगतस्त्वं जिन ! मया ।
महावीरो वीरो दुरितपर-सेनाऽभिविजये
विधेया मे भक्तिं पथि भवत एवाऽप्रतिनिधौ ॥६५॥

—युक्त्यनुशासन

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## परिशिष्ट 'ब'

ततोतिता तु तेतीतस्तोतृतोतीतितोतृतः ।
ततोऽतातिततोतोते ततता ते ततोततः ॥१३॥

येयायायाययेयाय नानानूनाननानन ।
ममाममाममामामितांततीतिततीतितः ॥१४॥

नन्द्यनन्तद्धर्यनन्तेन नन्तेनस्तेऽभिनन्दन ।
नन्दनर्द्धिरनम्रो न नम्रो नष्टोऽभिनन्द्य न ॥२२॥

नन्दनश्रीर्जिन त्वा न नत्वा नर्द्धया स्वनन्दि न ।
नन्दिनस्ते विनन्ता न नन्तानऽन्तोभिनन्दन ॥२३॥

नन्दनं त्वाप्यनष्टो न नष्टोऽनत्वाभिनन्दन ।
नन्दनस्वर नत्वेन नत्वेनः स्यन्न नन्दनः ॥२४॥

नेतानतनुते नेनोनितान्तं नाततो नुतात् ।
नेता न तनुते नेनो नितान्तं ना ततो नुतात् ॥५२॥

नयमानक्षमामान न मामार्यात्तिनाशन ।
नशनादस्य नो ये येन न नये नोरोरिमाय न ॥५३॥

नुन्नानृतोन्नतानन्त नूतानीतिनुताननः ।
नतोनूनोनितान्तं ते नेतातान्ते निनौति ना ॥५५॥

स्वसमान समानन्द्या भासमान स मानघ ।
ध्वंसमानसमानस्तत्रासमानसमानतम् ॥७१॥

पारावारखारापारा क्षमाक्ष क्षमाक्षरा ।
वामानामममनामावारक्ष मर्द्धर्द्धमक्षर ॥८४॥

वीरावारर वारावी वरोरुरुरोरव ।
वीरावाररवारावी वारिवारिरि वारि वा ॥८५॥

नमेमान नमामेनमानमाननमानमा -
मनामोनु नु मोनाममनोम मनो मन ॥९३॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

न मे माननमामेन मानमाननमानमा-
मनामो नु नु मोनामनमनोम मनोमन ॥९४॥

मानोनानामनूनानां मुनीनां मानिनामिनम् ।
मनूनामनुनौमीमं नेमिनामानमानमन् ॥९७॥

तनुतात्सद्यशोमेय शमेवार्य्यवरो गुरु ।
रुगुरो वर्य्य वामेश यमेशोद्यत्सतानुत ॥९८॥

—स्तुतिविद्या

• • •

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org